dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 229 | AD - 2025, Vaishakh Vad-12 | Saturday, Dt.24-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભારત, મ્યાનમાર અને થાઈલેન્ડ વચ્ચે હાઈ-વે દ્વારા સીધો સંપર્ક થશે, જે ઉદ્યોગ માટે મોટું વરદાન : મોદી

## પ્રધાનમંત્રીના હસ્તે રાઈઝિંગ નોર્થ-ઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટનું ઉદ્ઘાટન

નવીદિલ્હી,તા.૨૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે સવારે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે રાઈઝિંગ નોર્થ ઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટનું ઉદ્ઘાટન કર્યું છે. આ ઈન્વેસ્ટર્સ સમિટનો ઉદ્દેશ્ય ઉત્તર પૂર્વીય ક્ષેત્રને તકોની ભૂમિ તરીકે પ્રકાશિત કરવાનો, વૈશ્વિક અને સ્થાનિક રોકાણોને આકર્ષવાનો અને મુખ્ય હિસ્સેદારો, રોકાણકારો અને નીતિ નિર્માતાઓને એક પ્લેટફોર્મ પર લાવવાનો છે. રોકાણ પ્રોત્સાહન માટેના મુખ્ય ક્ષેત્રોમાં પ્રવાસન અને આતિથ્ય, કૃષિ-ખાદ્ય પ્રક્રિયા, કાપડ, હસ્તકલા, આરોગ્યસંભાળ, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, આઈટી-સક્ષમ સેવાઓ, માળખાગત સુવિધાઓ અને લોજિસ્ટિક્સ, ઊર્જા અને મનોરંજન અને રમતગમતનો સમાવેશ થાય છે.

આ સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, ’છેલ્લા ૧૧ વર્ષમાં ઉત્તર પૂર્વમાં જે પરિવર્તન આવ્યું છે તે ફક્ત સંખ્યાની વાત નથી, તે જમીન પર અનુભવાયેલ પરિવર્તન છે. અમે ફક્ત યોજનાઓ દ્વારા ઉત્તર પૂર્વ સાથે સંબંધ બનાવ્યો નથી, અમે હૃદય સાથે સંબંધ બનાવ્યો છે. આપણા કેન્દ્ર સરકારના મંત્રીઓએ ૭૦૦ થી વધુ વખત ઉત્તર પૂર્વની મુલાકાત લીધી છે અને મારો નિયમ ફક્ત જવાનો અને પાછા આવવાનો નહોતો, પરંતુ રાત્રિ રોકાણ ફરજિયાત હતું. અમે માળખાગત સુવિધાને ફક્ત ઈંટો અને સિમેન્ટ તરીકે જ નહીં, પણ તેને ભાવનાત્મક જોડાણનું માધ્યમ પણ બનાવ્યું છે. એક સમય હતો જ્યારે ઉત્તર પૂર્વને ફક્ત સરહદી પ્રદેશ કહેવામાં આવતું હતું, આજે તે વિકાસમાં અગ્રેસર બની રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઉત્તર પૂર્વમાં જમીન તૈયાર કરવામાં




આવી છે. તેમણે કહ્યું, ’આપણા ઉદ્યોગોએ આગળ આવવું જોઈએ અને આ તકનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ. તમારે પ્રથમ મૂવર લાભ ગુમાવવાની જરૂર નથી. આજે ભારત અને આસિયાન વચ્ચેનો વેપાર લગભગ $૧૨૫ બિલિયન છે. આગામી સમયમાં, તે ૨૦૦ બિલિયન ડોલરને પાર કરશે. આમાં ઉત્તર પૂર્વ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારત, મ્યાનમાર અને થાઈલેન્ડ વચ્ચે હાઈવે દ્વારા સીધો સંપર્ક થશે. આ ઉદ્યોગ માટે એક મોટું વરદાન હશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઉત્તર પૂર્વ ડેસ્ટિનેશન વેડિંગ્સ માટે પણ એક ઉત્તમ સ્થળ છે.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ સમિટમાં જણાવ્યું હતું કે ગ્રુપ ઉત્તર પૂર્વમાં સતત રોકાણ કરી રહ્યું છે. તેમણે અહીં મોટા રોકાણોની પણ જાહેરાત કરી. અદાણીએ કહ્યું કે તેમનું જૂથ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વધારાના ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ રોકાણ આગામી ૧૦ વર્ષમાં કરવામાં આવશે. અદાણીએ જણાવ્યું હતું કે આ રોકાણ ગ્રીન એનર્જી, સ્માર્ટ મીટર, હાઈડ્રો, પાવર ટ્રાન્સમિશન, હાઈવે, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં કરવામાં આવશે.

રાઈઝિંગ નોર્થ ઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે ત્રણ મહિના પહેલા આસામમાં ૫૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો ઠરાવ લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે હવે આગામી ૧૦ વર્ષમાં, અદાણી ગ્રુપ સમગ્ર ઉત્તર પૂર્વમાં વધુ ૫૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. તેમણે કહ્યું કે ઉત્તર પૂર્વના વિકાસ પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન રહેલું છે. ’એક્ટ ઈસ્ટ, એક્ટ ફાસ્ટ, એક્ટ ફર્સ્ટ’ ના પીએમ મોદીના જાગૃત કોલ સાથે, સમગ્ર પૂર્વોત્તર વિકાસના નવા માર્ગ પર આગળ વધ્યું છે. અગાઉ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત મંડપમ ખાતે ’રાઈઝિંગ નોર્થ ઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટ’નું ઉદ્ઘાટન કર્યું હતું. બે દિવસીય ’રાઈઝિંગ નોર્થ ઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટ’માં રોકાણને પ્રોત્સાહન આપવામાં આવશે.

### આશરે ૩૦૦૦ પરીક્ષણ હજુ બાકી

## ઈસરોએ ૨૦૨૫ને ગગનયાન વર્ષ જાહેર કર્યું, અત્યાર સુધીમાં ૭૨૦૦ પરીક્ષણ પૂર્ણ

બેંગ્લોર,તા.૨૩

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના પ્રમુખ વી. નારાયણને ૨૦૨૫ને ‘ગગનયાન વર્ષ’ જાહેર કરતા તેને ઈસરો માટે ખૂબ જ મહત્ત્વનું વર્ષ જણાવ્યું હતું. નારાયણને કહ્યું કે, ‘અત્યાર સુધી ૭૨૦૦ પરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યા છે અને આશરે ૩૦૦૦ પરીક્ષણ હજુ બાકી છે. હાલ દિવસ-રાત યુદ્ધના ધોરણે ગગનયાન કાર્યક્રમની તૈયારી ચાલી રહી છે. ગગનયાન



કાર્યક્રમને ડિસેમ્બર, ૨૦૧૮માં મંજૂરી આપી હતી, જેનો હેતુ ભારતને માનવ અંતરિક્ષ ઉડાન ક્ષમતા પ્રદાન કરવાનો છે. આ કાર્યક્રમ હેઠળ માણસોને પૃથ્વીની નીચલી કક્ષામાં મોકલવામાં આવશે અને લાંબાગાળાના માનવ અંતરિક્ષ સંશોધન માટે જરૂરી ટેક્નોલોજીને વિકસિત કરવામાં આવશે.’ વી. નારાયણને કોલકાતામાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, ‘આ વર્ષ અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. અમે તેને ગગનયાન વર્ષ જાહેર કરીએ છીએ. માણસોને મોકલતા પહેલાં ત્રણ માનવ રહિત મશીનની યોજના બનાવવામાં આવી છે, જેમાંથી પહેલું મિશન આ વર્ષે ડિસેમ્બરમાં લૉન્ચ થશે.’ ઈસરોએ અત્યાર સુધી ૭૨૦૦થી વધારે ટેસ્ટ પૂરા કર્યા છે અને લગભગ ૩ હજાર પરીક્ષણ હજુ બાકી છે અને કામ ૨૪ કલાક ચાલી રહ્યું છે.

### રાજસ્થાનના ૧૯ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી

## મહારાષ્ટ્ર-ગોવાના દરિયાકાંઠે ભારે વરસાદ સાથે હિટવેવનું રેડ એલર્ટ

**છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને કર્ણાટક જેવા રાજ્યોમાં ભારે વરસાદ સાથે ગરમીનું યલો એલર્ટ**

મુંબઈ,તા.૨૩

હવામાન વિભાગે શુક્રવારે દેશભરના તમામ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વાવાઝોડા અને હિટવેવનું એલર્ટ જારી કર્યું હતું. મહારાષ્ટ્ર અને ગોવાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે



વરસાદની સાથે હિટવેવનું રેડ એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. તે જ સમયે, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને કર્ણાટક જેવા રાજ્યોમાં ભારે વરસાદ સાથે ગરમીનું યલો એલર્ટ પણ છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશમાં કરા પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. રાજસ્થાનના ૧૯ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે અને પશ્ચિમી જિલ્લાઓમાં ધૂળની આંધીની ચેતવણી આપવામાં આવી છે. ત્રણ શહેરોમાં હિટવેવનું રેડ, એક જિલ્લામાં ઓરેન્જ અને ૧૨ જિલ્લામાં યલો એલર્ટ છે. આ ઉપરાંત હવામાન વિભાગે જણાવ્યું હતું કે અરબી સમુદ્રમાં નીચા દબાણનું વાવાઝોડું સર્જાઈ રહ્યું છે. આગામી ૨૪ કલાકમાં તે ડિપ્રેશનમાં ફેરવાઈને ગોવા-મહારાષ્ટ્ર કિનારા તરફ આગળ વધવાની શક્યતા છે.






## પાકિસ્તાનની ગોળીઓનો જવાબ ગોળાથી આપવામાં આવ્યો : ગૃહમંત્રી અમિત શાહ

નવીદિલ્હી,તા.૨૩

ગૃહમંત્રી અમિત શાહ શુક્રવારે યુનિયન હોમ બોર્ડર સિક્યુરિટી ફોર્સ ઈનામ સમારોહ અને રૂસ્તમજી મેમોરિયલ લેક્ચરને સંબોધવા પહોંચ્યા હતા. અહીં કાર્યક્રમને સંબોધિત કરતી વખતે તેમણે ઓપરેશન સિંદૂર અંગે એક મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનની ગોળીઓનો જવાબ ગોળાથી આપવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે દેશ ઘણા દાયકાઓથી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો સામનો કરી રહ્યો છે. પાકિસ્તાને ઘણી ઘટનાઓ કરી પણ કોઈ યોગ્ય જવાબ આપવામાં આવ્યો નહીં. મોદીજી ૨૦૧૪ માં પીએમ બન્યા, ત્યારબાદ ઉરીમાં આપણા સૈનિકો પર પહેલો મોટો હુમલો થયો અને અમે ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કરી. જ્યારે પુલવામામાં હુમલો થયો ત્યારે ભારતીય સેનાએ હવાઈ હુમલો કરીને તેનો જોરદાર જવાબ આપ્યો. ફરી એકવાર, અમે આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો છે. ગૃહમંત્રી અમિત શાહે વધુમાં કહ્યું કે આતંકવાદીઓએ પહેલગામમાં પ્રવાસીઓને નિર્દયતાથી નિશાન બનાવ્યા. પીએમ મોદીએ કહ્યું હતું કે આનો યોગ્ય જવાબ આપવામાં



આવશે. આજે આખી દુનિયા તેના જવાબ પર નજર રાખી રહી છે. આજે આખી દુનિયા આપણી સેનાના ફાયરપાવરની પ્રશંસા કરી રહી છે. દુનિયાભરમાં ઘણી જગ્યાએ આતંકવાદીઓને જવાબ આપવામાં આવ્યો છે, પરંતુ ભારતે અલગ જવાબ આપ્યો છે. ૮ મેના રોજ, ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું અને ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો. અમે ફક્ત અને ફક્ત આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો. અમે ન તો કોઈ સૈન્ય મથકને સ્પર્શ કર્યો કે ન તો કોઈ હવાઈ મથકને. અમે આતંકવાદીઓ પર હુમલો કર્યો, પરંતુ ૮ મે પછી, અમારા સૈન્ય છાવણીઓ પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એક નાગરિક પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ૯મી તારીખે, ભારતીય સેનાએ તેમના એરબેઝ પર હુમલો કરીને આપણી પ્રહાર ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.










## સાવરકુંડલાના જેજાદ ગામનો યુવાન સુરતમાં પર્ફ્યૂમની આડમાં પોર્ન કોલ સેન્ટરનો મુખ્ય સુત્રધાર

અમરેલી, તા.૨૩



સુરત શહેરમાં એક પર્ફ્યૂમ કંપનીની આડમાં આંતરરાષ્ટ્રીય પોર્ન સબસ્ક્રિપ્શન માટે ચાલતા કોલ સેન્ટરનો પર્દાફાશ થયો છે. સુરત પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરતાં ''ટી.એમ. પર્ફ્યૂમ'' નામે ચાલતા પોર્ન સબસ્ક્રિપ્શનના રેકેટનો ઘટસ્ફોટ થયો છે. તપાસમાં ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે. અલગ-અલગ પેકેજના નામે પોર્ન વીડિયો વેચવામાં આવતા હતા. ૧૫૦થી વધુ સ્ટાફ અને ખાસ મહિલા કોલર્સનો ઉપયોગ પેકેજ વેચવા માટે કરવામાં આવતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને કંપનીનો માલિક જૈમીન હોવાનું સામે આવ્યું છે, જૈમીન સુરેશભાઈ ડોબરીયા સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામનો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. જૈમીનની સાથે તેના ભાઈ શ્વેતુલની પણ સુરત પોલીસે ધરપકડ કરતા અમરેલી જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

## ભારતીય સૈનિકોના શૌર્યના સમર્થનમાં સાવરકુંડલામાં તિરંગા યાત્રા યોજાઈ

સાવરકુંડલા,તા.૨૩



સાવરકુંડલામાં ''ઓપરેશન સિંદૂર''ની અભૂતપૂર્વ સફળતા અને ભારતીય સેનાના અદમ્ય શૌર્યના સમર્થનમાં એક ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ''જય હિન્દ'' અને ''વંદે માતરમ''ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠેલા સાવરકુંડલામાં દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો અદ્‌ભુત માહોલ સર્જાયો હતો. આ યાત્રામાં સાવરકુંડલાની તમામ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ભવ્ય યાત્રામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય, જીતુભાઈ કાછડીયા, જીવનભાઈ વેકરીયા, પ્રતિકભાઈ નાકરાણી સહિત અનેક મહાનુભાવો અને સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તિરંગા યાત્રા દેવળા ગેટ બટુક હનુમાન મંદિરથી શરૂ થઈ, મેઈન બજાર, ટાવર રોડ થઈને રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે સંપન્ન થઈ હતી. આ યાત્રા ભારતીય સેનાના અદમ્ય સાહસ, બલિદાન અને શૌર્યને બિરદાવવા તેમજ રાષ્ટ્રભાવનાને વધુ પ્રબળ બનાવવાના ઉદ્દેશ્યથી યોજવામાં આવી હતી.

## સા.કુંડલાના માનવમંદિરમાં મોરારીબાપુના હસ્તે કુમાર છાત્રાલયનો પ્રારંભ અને કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન થશે

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલામાં ૯ જૂને સવારે નવ વાગ્યે માનવમંદિર હાથસણી રોડ ખાતે પ.પૂ. મોરારીબાપુના હસ્તે દિનદયાળ સેવા ટ્રસ્ટ પ્રેરિત માનવમંદિર ગુરૂકૂળમાં ગામડાઓના ચોરા અને શિવાલયોના પૂજારીના બાળકો માટે કુમાર છાત્રાલયનો શુભારંભ સમારોહ તેમજ કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન કરાશે. આ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે રાજેન્દ્રદાસબાપુ (વૃંદાવન ધામ-રામપરા) પધારશે. આ ઉપરાંત સાધુ-સંતો અને મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે. આ મંગલ અવસરનો લ્હાવો લેવા ભક્તિરામબાપુ, માનવમંદિર પરિવાર અને સાવરકુંડલા તાલુકા વૈણવ સાધુ સમાજના પ્રમુખ નાગરભાઈ ગોંડલીયા, તાલુકા સાધુ સમાજ પ્રમુખ મહેશભાઈ ગોંડલીયા દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## વડિયામાં કૌશિક વેકરીયાની આગેવાની હેઠળ ભારતીય સેનાના સમર્થનમાં તિરંગા યાત્રા યોજાઈ

વડિયા, તા.૨૩



અમરેલી જિલ્લાના વડિયા ખાતે ભારતીય સેનાના શૌર્ય અને 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાનમાં આતંકવાદી અડ્ડાઓનો ખાત્મો બોલાવવા બદલ તેમને બિરદાવવા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની આગેવાની હેઠળ યોજાયેલી આ યાત્રા વડિયા બસસ્ટેન્ડથી શરૂ થઈને શિવાજી ચોક સુધી પહોંચી હતી. ડીજેના તાલે દેશભક્તિના ગીતો અને ''ભારત માતા કી જય''ના નારા લગાવતા લોકોએ તિરંગો ધ્વજ લહેરાવી સેના પ્રત્યે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. આ યાત્રામાં કૌશિકભાઈ વેકરીયા ઉપરાંત તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમભાઈ હિરપરા, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી સહિત મોટી સંખ્યામાં લોકો, પોલીસકર્મીઓ અને હોમગાર્ડ જોડાયા હતા. આ યાત્રા દ્વારા ભારતીય સેનાના અદમ્ય શૌર્ય અને બલિદાનને સલામ કરવામાં આવી હતી.

## ગઢડા નજીક બે કાર વચ્ચે અકસ્માત : અમરેલીના નિવૃત મામલતદાર સહિત બે ઘાયલ

અમરેલી, તા.૨૩



ગઢડા તાલુકાના માલપરા ગામ નજીક બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો છે. અમરેલીના રિટાયર્ડ નાયબ મામલતદાર લલીતભાઈ જોષી પોતાની કાર લઈને બોટાદ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી કાર સાથે તેમની કાર અથડાઈ હતી. અકસ્માતમાં લલીતભાઈ જોષી અને ભાવનગરના ભાવુબેન મેર બંને ઈજાગ્રસ્ત થયા હતા. બંને ઘાયલોને તાત્કાલિક સારવાર માટે ગઢડાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ બંને દર્દીઓ સારવાર હેઠળ છે.

## ઓપરેશન સિંદૂરને બિરદાવવા લીલીયા મોટા ખાતે તિરંગા યાત્રા યોજાઈ

અમરેલી,તા.૨૩



લીલીયા મોટા ખાતે ઓપરેશન સિંદૂરમાં ભારતીય સૈનિકોએ દુશ્મન દેશ પાકિસ્તાનના ઘરમાં ઘૂસીને ગોળીનો જવાબ ગોળાથી આપી જે પરાક્રમ કરેલ છે તે અનુસંધાને સમગ્ર દેશમાં સૈનિકોના માનમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે લીલીયા મોટા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને તેમજ લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે યાત્રા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી પ્રસ્થાન થયેલ અને તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ શહીદ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતુ. સમગ્ર લીલીયા શહેર દેશભક્તિમય બની ગયેલ. આ યાત્રામાં પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો, જી.આર.ડી તેમજ શહેરના વિવિધ ધાર્મિક સામાજિક સંગઠન તેમજ શહેરની જનતા ખાસ ઉપસ્થિત રહેલ. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ભનુભાઈ ડાભી, કેતનભાઈ ઢાકેચા, કાનજીભાઈ નાકરાણી, ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, અરૂણભાઈ પટેલ, યુવા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી, ઉદ્યોગપતિ વિનુભાઈ રામાણી સહિત તાલુકા પંચાયત સદસ્યો, તાલુકા ભાજપ ટીમના વિવિધ સેલ મોરચાના હોદેદારો, તાલુકા ભાજપ કાર્યકરો, સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાડોશીના મામૂલી ઝઘડામાં યુવાનની હત્યાના ગુનામાં બે આરોપીઓને આજીવન કેદની સજા

અમરેલી, તા.૨૩



અમરેલી-સાવરકુંડલા રેલવે ક્રોસિંગ નજીક બે વર્ષ પૂર્વે પાડોશમાં થયેલા મામૂલી ઝઘડામાં યુવાનની હત્યાના કેસમાં અમરેલી કોર્ટે બે આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઘટના ૧૧ જૂન ૨૦૨૩ના રોજ બની હતી, જ્યારે સંજયભાઈ જોગદીયા તેમના પાડોશીઓ રાકેશ અને કરણ મકવાણા વચ્ચેના ઝઘડાને શાંત પાડવા ગયા હતા. ત્યારે ઉશ્કેરાયેલા રાકેશે છરી વડે સંજયભાઈને ગંભીર ઈજા પહોંચાડી હતી, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. ક્રિષ્નાબેન જોગદીયાએ નોંધાવેલ ફરિયાદ બાદ પોલીસે તપાસ કરી બંને આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ કરી હતી. અમરેલીની સેસન્સ કોર્ટમાં સરકારી વકીલ જે.બી. રાજગોર અને ફરિયાદીના વકીલ હરનીલ ત્રિવેદીની દલીલો તેમજ પુરાવાઓને ધ્યાનમાં રાખીને ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર.વી. બુખારીએ બંને આરોપીઓને આજીવન સખત કેદ અને દંડનો હુકમ કર્યો હતો.

## અમરેલી પોલીસે ઝડપેલા ગાંજાનો નાશ કરાયો

### પોલીસ અધિકારીઓની હાજરીમાં કરાઈ કામગીરી

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લામાં વિવિધ ૧૨ સ્થળોએથી જપ્ત કરાયેલા ૨૯૮ કિલો ગાંજાનો આજે સત્તાવાળાઓ દ્વારા કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લા ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીની હાજરીમાં આ નિકાલ કરવામાં આવ્યો હતો. ડીવાયએસપી એ.જી. ગોહિલ, એલસીબી પીઆઈ વી.એમ. કોલાદરા અને એસઓજી પીઆઈ આર.ડી. ચૌધરી સહિતના અધિકારીઓએ આ કાર્યવાહી કરી હતી. નોંધનીય છે કે દામનગર, બગસરા, લાઠી, ધારી, સાવરકુંડલા અને બાબરા તાલુકાના ૧૨ જુદા જુદા સ્થળોએથી ગાંજો, ગાંજાના છોડ, અફીણ અને અફીણના છોડવા સહિત કુલ ૨૯૮ કિલો અને ૯૫૫ ગ્રામ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. રૂપિયા ૪૬.૨૨ લાખનો આ મુદ્દામાલ ભરૂચ ખાતેની એક કંપનીમાં લઈ જઈને તેનો યોગ્ય રીતે નાશ કરવામાં આવ્યો હતો.

## અમરેલીમાં હિન્દુ તીર્થોની યાત્રા માટે મુસ્લિમ નિવૃત ડિસ્ટ્રીક્ટ જજનો સહયોગ અને આર્થિક અનુદાન

અમરેલી, તા.૨૩



અમરેલી સ્થિત અનુકંપા ફાઉન્ડેશન દ્વારા સિનિયર સિટીઝનોને વિનામૂલ્યે ૩ દિવસ સોમનાથ-દ્વારકાની તીર્થયાત્રા કરાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. આ સંસ્થા દ્વારા પ્રતિમાસ એક બસમાં ૫૦ જેટલા વડીલોને આ યાત્રા કરાવવામાં આવે છે. કુલ એક હજારથી પણ વધુ વડીલોને આ રીતે યાત્રા કરાવવાનો સંસ્થાનો સંકલ્પ છે. આ અભિયાનનના પ્રથમ ચરણરૂપે ગત ૨૮થી ૩૦ એપ્રિલના ત્રણ દિવસમાં તુલસીશ્યામ, દ્રોણેશ્વર મહાદેવ, પ્રાચી, સોમનાથ, પોરબંદર, હર્ષદ માતા, દ્વારકા, બેટ દ્વારકા તથા વીરપુરની યાત્રા યોજાયેલ જેમાં ૫૨ જેટલા વડીલોએ યાત્રા કરી હતી. આ યાત્રાના આયોજનમાં, યાત્રીઓને વિવિધ સ્થળે રહેવા-જમવાની વ્યવસ્થા ગોઠવવામાં નિવૃત ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.ડી. મોગલનું અતિ મહત્વનું માર્ગદર્શન અને સહકાર પ્રાપ્ત થયો હતો. આ માર્ગદર્શન અને સહકાર બદલ અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો. ભરત કાનાબારે તેમનું શાલ અને મેમેન્ટોથી સન્માન કર્યુ હતું.







## કૌશિક વેકરીયાના હસ્તે તોરી સબ સેન્ટરનું લોકાર્પણ : આરોગ્ય સેવાઓને મળશે વેગ

તોરી, તા.૨૩


તસવીર : વિનુભાઈ કોટડીયા

મોટી કુંકાવાવ તાલુકાના તોરી ગામે ૩.૫ લાખના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સબ સેન્ટર દવાખાનાનું કૌશિકભાઈ વેકરીયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને આ સબ સેન્ટરનું વિધિવત ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ દવાખાનું તોરી અને આસપાસના ગામોના લોકોને પ્રાથમિક આરોગ્ય સેવાઓ માટે એક મહત્વપૂર્ણ સુવિધા પૂરી પાડશે. આ પ્રસંગે તાલુકાના અગ્રણી આગેવાનો વસાણીભાઈ, આશીષભાઈ, યોગેશભાઈ, રામપુરના સરપંચ પૂનાભાઈ, બાલુભાઈ હીરપરા, નવીનભાઈ વેકરીયા, જયરાજભાઈ ગોંડલીયા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો, ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.
કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના ...
ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE
ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE
ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
• Smart Board ધરાવતા ક્લાસ...
• અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86

# અમરેલીમાં શાળામાં વ્યાપારી પ્રવૃત્તિઓ બંધ કરાવવા સ્ટેશનરી એસોસિયેશનનું આવેદન

**શાળામાં કોઈપણ જાતની વ્યાપારી પ્રવૃત્તિ બંધ કરે**



અમરેલી, તા.૨૩

અમરેલી સ્ટેશનરી એસોસિયેશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં તમામ શાળાઓમાં સરકારી અને ખાનગી પ્રકાશનોના પુસ્તકો, નોટબુક અને સ્કૂલ બેગનું વેચાણ બંધ કરાવવાની માંગ કરવામાં આવી છે. એસોસિયેશનનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ સ્ટોર પરથી જ ખરીદી કરવાની ફરજ પાડવામાં આવે છે, તે પ્રથાને નાબૂદ કરવાનો છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, ઘણી શાળાઓ વિદ્યાર્થીઓને શાળા પરિસરમાંથી અથવા અમુક નિયુક્ત દુકાનોમાંથી જ પુસ્તકો અને સ્ટેશનરી ખરીદવા દબાણ કરે છે. એસોસિએશને માંગ કરી છે કે શાળાઓ શૈક્ષણિક સત્ર શરૂ થવાના ૪૫ દિવસ અગાઉ પુસ્તકોની યાદી નોટિસ બોર્ડ પર પ્રકાશનના નામ સાથે જાહેર કરે. આ ઉપરાંત, શાળા સંકુલમાં કોઈપણ પ્રકારની વ્યાપારી પ્રવૃત્તિઓ બંધ કરવા અને ચોક્કસ વેપારીઓની ભલામણ ન કરવા વિનંતી કરવા રજૂઆત કરવામાં આવી છે.

# લીલીયા મોટામાં PGVCL દ્વારા કેબલ નાખવાની કામગીરી શરૂ, ડાયમંડ ઉદ્યોગને ફાયદો થશે

લીલીયા, તા.૨૩

લીલીયા મોટા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ ધામતની અનેક રજૂઆતો બાદ, PGVCL દ્વારા લીલીયા મોટામાં કેબલ નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

લીલીયા PGVCLના નાયબ ઈજનેર સી.કે. દેવમુરારીના માર્ગદર્શન હેઠળ MVCG અંતર્ગત LT લાઈન અને 11 KV લાઈનમાં જૂના કંડક્ટર બદલી નવા કેબલ લગાવવામાં આવી રહ્યા છે. આ કામગીરીથી માનવહાનિ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટ્રુમેન્ટને નુકસાન, અને ઢોર-ઢાંખરને શોક લાગવાની શક્યતાઓ ઘટશે. ઉપરાંત, અવારનવાર થતા ફીડર ફોલ્ટ અને લાઈટ બંધ થવાના પ્રશ્નોમાંથી લીલીયાની જનતાને છુટકારો મળશે. ખાસ કરીને હીરા ઉદ્યોગ માટે આશીર્વાદરૂપ બનશે, કારણ કે પાવર બંધ થવાથી કારીગરોના માસિક વેતનમાં થતા ફેરફાર અટકશે. દરેક પોલ પર ડિસ્ટ્રીબ્યુશન બોક્સ લગાવવાથી ચોમાસા દરમિયાન સર્જાતા ફોલ્ટમાંથી પણ રાહત મળશે. અમરેલી ડિવિઝન એકના કાર્યપાલક ઈજનેર એમ.પી. દાફડા અને નાયબ ઈજનેર એમ. એસ. કાલાણીએ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.



# મેદસ્વિતા મુક્ત કરવા ગુજરાત સરકારે અભિયાન શરૂ કર્યું

અમરેલી, તા.૨૩

મેદસ્વિતા, જે હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર અને કેન્સર જેવી ગંભીર બીમારીઓ નોતરે છે, તેનાથી બચવા માટે યોગાસન અત્યંત અસરકારક સાબિત થઈ શકે છે. ગુજરાત સરકારે પણ 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન શરૂ કર્યું છે, જેથી નાગરિકો આ સમસ્યા પ્રત્યે સજાગ બને. મેદસ્વિતા ઘટાડવા માટે પાંચ મુખ્ય યોગાસનો વિશેષ લાભદાયી છે, સૂર્ય નમસ્કાર ચરબી ઓગાળવામાં મદદ કરે છે, ધનુરાસન કમર અને પેટની ચરબી ઘટાડે છે, ભુજંગાસન પાચનતંત્રને મજબૂત બનાવે છે, ઉત્કટાસન સાથળના સ્નાયુઓને મજબૂત કરે છે અને નૌકાસન એબ્સ ટોન કરવા માટે શ્રેષ્ઠ છે. યોગાસનની સાથે પ્રાણાયામનો અભ્યાસ કરવાથી પણ વિશેષ લાભો મેળવી શકાય છે. આમ, યોગ એ માત્ર ઉપાય જ નહીં, પરંતુ એક અસરકારક ઉપચાર પણ છે.

# અમરેલીમાં ઓપરેશન સિંદૂર અંતર્ગત સરંભડા ગામે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



તસવીર : હસમુખ રાવલ

બાબાપુર, તા.૨૩

ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ-અમરેલી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકિયા દ્વારા સરંભડા ગામે 'ઓપરેશન સિંદૂર' અંતર્ગત એક વિશાળ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની પ્રેરણાથી મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. શ્રી કે.કે. શાહ જનતા વિદ્યાલય-સરંભડા અને વેદ વોલન્ટરી બ્લડ બેંક, અમરેલીના સહયોગથી આયોજિત આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સેનાના વીર જવાનોની બહાદુરીને બિરદાવવાનો હતો. સ્વૈચ્છિક રક્તદાન કરીને ઉપસ્થિત સૌએ 'રાષ્ટ્રહિત સર્વોપરી'નો મહત્વનો સંદેશ સમાજને આપ્યો. આ પ્રસંગે ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ-અમરેલીના મેનેજિંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, ઈફકોના ડેલીગેટ દલસુખભાઈ દુધાત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વાંકિયાના મેડિકલ ઓફિસર ડો. કિરણબહેન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાતાઓને ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ-અમરેલી દ્વારા સન્માનપત્ર આપીને સન્માનિત કરાયા હતા. આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર-સરંભડા અને વેદ બ્લડ બેંક અમરેલીની ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી, જ્યારે કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રુચિનાબહેન સાવલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા**

જન્મ/મરણ અરજી નંબર/૫૩/૨૦૨૫

અરજદાર :- શ્રી કાળુભાઈ હાદાભાઈ લાખણોત્રા
સરનામું :- રહે.રામપરા-૨, તા.રાજુલા જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રી રામપરા-૨
તા.રાજુલા જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રામપરા-૨ ગામના શ્રી કાળુભાઈ હાદાભાઈ લાખણોત્રા, એ તેમના પુત્ર શ્રી ઘનશ્યામ કાળુભાઈ લાખણોત્રા નો જન્મ તા.૧૧/૦૪/૨૦૦૫ ના રોજ રામપરા-૨ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.એ.વિછી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુક કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૩ માહે. મે સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૨૩/૦૫/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**પ.ગુ.વિ.કું.લિ., વર્તુળકચેરી, અમરેલી.**
PGVCL
ટેન્ડર નોટીસ નં.૧૪૫/એમકો–૧૧/૨૦૨૫

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા જુદા કામો/માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી. એ.ડી. થી ભાવો મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ. ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે

ઉપરોક્ત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.

ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨

અધિક્ષક ઈજનેર (સં. અને નિ.)


VOLTAS · beko
VOLTAS
SIMPLIFYING YOUR LIVES
ENHANCING YOUR HOMES
AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | Voltas Limited | My Voltas | My Voltas | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ભરતભાઈ અમૃતલાલ પટેલ (ભાવના નોવેલ્ટી સ્ટોર્સ (ભમ્મર વાળા) ઉંમર વર્ષ ૭૧, તા.૨૩/૦૫/૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. નગીનદાસ અમૃતલાલ પટેલ, સ્વ. ચંદ્રકાંત અમૃતલાલ પટેલ, અરુણભાઈ અમૃતલાલ પટેલ, સ્વ. યોગેશભાઈ અમૃતલાલ પટેલ, સ્વ. રાજેશભાઈ અમૃતલાલ પટેલના ભાઈ તથા મુકેશભાઈ, દક્ષાબેન તથા તૃપ્તિબેનના પિતાશ્રી થાય તેમજ હિતેશકુમાર મહાસુખરાય દોશી (ભાવનગર), પ્રતીકકુમાર કીર્તિકુમાર ગાંધી(સુરત)ના સસરા થાય છે. સદગતનું બેસણું (વેવાઈ પક્ષનું બેસણું સાથે રાખેલ છે) તા. ૨૪/૦૫/૨૫ શનિવારના રોજ બપોરે ૪થી ૬ કલાકે કમાબાપા દોશીની વાડી (દશાશ્રી માળીની વાડી), દેરાસર શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા**

જન્મ/મરણ અરજી નંબર/૫૮/૨૦૨૫

અરજદાર :- શ્રી લાલાભાઈ હાજાભાઈ હાડગરડા,
સરનામું :- રહે.ખાખબાઈ, તા.રાજુલા જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રી ખાખબાઈ
તા.રાજુલા જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખાખબાઈ ગામના શ્રી લાલાભાઈ હાજાભાઈ હાડગરડા, એ તેમના પિતા શ્રી સ્વ. હાજાભાઈ પુનાભાઈ હાડગરડાનું મરણ તા.૨૩/૦૫/૧૯૯૫ ના રોજ ખાખબાઈ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુક કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૩ માહે. મે સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૨૩/૦૫/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા**

જન્મ/મરણ અરજી નંબર/૭૯/૨૦૨૫

અરજદાર :- શ્રી જાનીબેન ઘુઘાભાઈ બલદાણીયા,
સરનામું :- રહે.વડલી, તા.ગારીયાધાર જી.ભાવનગર
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રી વડલી
તા.રાજુલા જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વડલી ગામના શ્રી જાનીબેન ઘુઘાભાઈ બલદાણીયા, એ તેમના પુત્ર શ્રી ઘનશ્યામભાઈ ઘુઘાભાઈ બલદાણીયા નો જન્મ તા.૧૫/૦૩/૧૯૮૭ ના રોજ વડલી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર.બલદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુક કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૩ માહે. મે સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૨૩/૦૫/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**ચાર લોકો પર ગંભીર હુમલો થયો હતો જેમાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ભાવનગર ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નિપજ્યું**

# અમરેલીમાં નવા માર્કેટીંગ યાર્ડમાં મારામારીનો બનાવ હત્યામાં પલટાયો

**મોત મામલે પોલીસે ૧૫ પૈકી ૯ આરોપીઓની ધરપકડ કરી**

અમરેલી,તા.૨૩

અમરેલીના સાવરકુંડલા રોડ પર આવેલા માર્કેટિંગ યાર્ડમાં એક સામાન્ય શબ્દપ્રયોગથી શરૂ થયેલી ઘટના જાતિવાદી હિંસામાં પરિણમી છે. આ ઘટનામાં નિલેશભાઈ રાઠોડ નામના યુવકનું મૃત્યુ થયું છે, જેના પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની ગંભીરતા જોતા વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ગત મોડી રાત્રે ભાવનગર સર ટી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને મૃતકના પરિવારને મળી સાંત્વના પાઠવી હતી. તેમણે આરોપીઓને કડકમાં કડક સજા કરવાની માંગ કરી હતી. આ અંગે લાલજી મનસુખભાઈ ચૌહાણએ અમરેલી રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આ ઘટના ગત તા. ૧૫મી મેના રોજ બપોરે બની હતી. નિલેશભાઈ રાઠોડે દ્વારકાધીશ દુકાનમાં



દુકાનદારના યુવકને 'બેટા' શબ્દથી સંબોધન કરતા આ સામાન્ય શબ્દપ્રયોગથી યુવકના પિતા ચોથાભાઈ ખોડાભાઈ ભરવાડ ઉશ્કેરાયા હતા. તેમણે નિલેશભાઈની જાતિ વિશે પૂછપરછ કરી અને જાતિ પ્રત્યે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. પરિસ્થિતિ વણસતા ચોથાભાઈએ ફોન કરીને વધુ માણસોને બોલાવ્યા હતા. આશરે ૧૫ જેટલા લોકોએ સુરેશભાઈને લાકડી અને કુહાડી વડે માર માર્યો હતો. સુરેશભાઈને માથાના પાછળના ભાગે કુહાડીનો ગંભીર ઘા મારવામાં આવ્યો હતો. બચાવ માટે આવેલા અન્ય લોકો પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીઓમાં ચોથાભાઈ ભરવાડ, વિજયભાઈ ટોટા, ભાવેશભાઈ મુંધવા અને જતીનભાઈ મુંધવા સહિત ૧૫ લોકોનો સમાવેશ થાય છે. નિલેશભાઈ રાઠોડ ઈજાગ્રસ્ત થતા સારવાર માટે પ્રથમ અમરેલી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ગત રાત્રીએ તેમનું મૃત્યુ થયું હતું અને મારામારી હત્યામાં પરિણમી હતી. પોલીસે આ મામલે ૧૫ પૈકી નવ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખાંભાના નવી કાતર ગામે મારા ભાઈને કેમ ગાળો આપી કહી યુવકને ધમકી આપી

ખાંભા, તા.૨૩

ખાંભાના નવી કાતર ગામે મારા ભાઈને કેમ ગાળો આપી તેમ કહી યુવકને ધમકી આપવામાં આવી હતી. ધીરૂભાઈ કાળાભાઈ ભુતૈયાએ ગૌતમભાઈ હમીરભાઈ વાવડીયા, નાજાભાઈ આતાભાઈ વાવડીયા, જીણાભાઈ વાસુરભાઈ વાવડીયા, આતાભાઈ વાસુરભાઈ વાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ગૌતમભાઈ વાવડીયાએ તેમને કહેલ કે, 'તે આજથી પંદર દિવસ પહેલા મારા ભાઈ કાળુભાઈને કેમ ગાળો આપેલ હતી?' તેમ કહેતા તેમણે પહેલા કાળુભાઈએ ગાળો આપવાની શરૂઆત કરેલ હતી તેવો જવાબ આપ્યો હતો. જે બાદ આરોપીઓ તેમને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા, તેમણે ગાળો આપવાની ના પાડતા માથામાં પાછળના ભાગે ડાબી બાજુ લોખંડના પાઈપનો એક ઘા મારી મુંઢ ઈજા કરી હતી. ઉપરાંત તમામ આરોપીએ ભેગા મળી આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## ધારી એસ.ટી. કર્મચારીઓ દ્વારા પ્લાસ્ટિક વિરૂધ્ધ અભિયાન હાથ ધરાયું

અમરેલી,તા.૨૩

ધારી એસ.ટી. બસ સ્ટેશન ખાતે સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં એસ.ટી.ના અધિકારીઓ અને કર્મચારીઓએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કાયમી ધોરણે બંધ કરવાની પ્રતિજ્ઞા



લીધી હતી.

કાર્યક્રમ દરમિયાન પ્લાસ્ટિક બોટલો અને થેલીઓ સહિતનો કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો, આગામી સમયમાં પણ આવા વધુ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સ્થાનિક નાગરિકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કાયમી ધોરણે બંધ કરવા માટે સક્રિયપણે અપીલ કરવામાં આવી રહી છે.

## લાપાળીયા અને મોટા ગોખરવાળા વચ્ચે ગાડી ટ્રેક્ટર ટ્રોલીની પાછળ ઘૂસી જતાં એકનું મોત

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના નોંધાઈ હતી. જેમાં એકનું મોત થયું હતું અને એક ઘાયલ થયો હતો. હિતેષ દેવજીભાઈ માધડે દેવળીયા પાટીયા પાસે રેતી ભરેલું ડમ્પર પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવતાં સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી પલ્ટી ગયું હતું. અકસ્માત સર્જી તે નાસી ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટબલ કે.એચ. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે. ભાવનગરના મહુવામાં રહેતા નવસાદભાઈ મુસ્તાકભાઈ મલેક (ઉ.વ.૩૦)એ જીજે-૩૮-ટી-૭૩૬૮ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા કેરી ગાડીમાં ડ્રાઈવરની બાજુમાં બેઠા હતા. લાપાળીયા અને મોટા ગોખરવાળા વચ્ચે આરોપીએ કેરી વાહનને ટ્રેક્ટર ટ્રોલીની પાછળ ભટકાવતાં તેમના પિતાનું મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

**કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ**

## અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માત રોકવા માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં તેમણે માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ દિશાનિર્દેશો આપ્યા હતા. બેઠકમાં, કલેક્ટરે વાહનચાલકોની સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ માર્ગો પર આવશ્યક સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા અને બેરિયર લગાવવા પર ભાર મૂક્યો હતો.

ખાસ કરીને, ૧૮ વર્ષથી ઓછી વયના અને ડ્રાઈવિંગ લાયસન્સ ન ધરાવતા વિદ્યાર્થીઓ વાહન ચલાવવાનું ટાળે તે સુનિશ્ચિત કરવા માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમો યોજવાના નિર્દેશ અપાયા હતા. જિલ્લા શિક્ષણ અને વાહન વ્યવહાર કચેરીના સંયુક્ત ઉપક્રમે શાળાઓમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને જાગૃત કરવા માટે કાર્યક્રમો યોજવા જણાવાયું હતું.

આ ઉપરાંત, ગીઅરલેસ વાહન ચલાવવા માટે નિયત વયમર્યાદા ધરાવતા તમામ લોકો લાયસન્સ અને હેલમેટ સાથે વાહન ચલાવે તેની ખાતરી કરવા પણ કલેક્ટરે સૂચના આપી હતી. જિલ્લાની તમામ નગરપાલિકાઓને તેમની હદમાં આવતી શાળાઓ પહેલાં સ્પીડ બ્રેકર અને આવશ્યક સાઈનબોર્ડ લગાવવાની કામગીરી કરવા જણાવાયું હતું. મોટર વ્હીકલ એક્ટ મુજબ ફેન્સી નંબર પ્લેટ અથવા નંબર પ્લેટ વગરના વાહનો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાના પણ નિર્દેશ અપાયા હતા. અંતે, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ લિમિટેડની બસોનું નિયમિત મેઈન્ટેનન્સ અને નિરીક્ષણ સુનિશ્ચિત કરવા માટે અમરેલી વિભાગીય નિયામક કચેરીને પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

## સા.કુંડલામાં વિનામૂલ્યે દંતયજ્ઞ યોજાયો, ૨૯ દર્દીઓને બત્રીસીનું વિતરણ કરાયું

સાવકુંડલા,તા.૨૩

વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર – સાવરકુંડલા અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ – રાજકોટ દ્વારા નિઃશુલ્ક દંતચિકિત્સા શિબિરનું ભવ્ય આયોજન કરાયું હતું. રાજકોટના જાણીતા દંતચિકિત્સક વૈદ્ય ડૉ. જયસુખભાઈ મકવાણાએ સેવાઓ આપી હતી. આ શિબિરમાં દાંતના રોગોની તપાસ,



તસવીર : સૌરભ દોશી

જરૂરી સારવાર અને "જાલંધર બંધ" પદ્ધતિથી દુઃખાવાવિહીન દાંત કાઢવાની સેવા ઉપલબ્ધ હતી. કુલ ૭૯ દર્દીઓએ આ આરોગ્ય યજ્ઞનો લાભ લીધો, જેમાંથી ૨૯ જરૂરિયાતમંદ વૃદ્ધ દર્દીઓને તદ્દન નિઃશુલ્ક બત્રીસીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ બારસ
તા. ૨૪-૦૫-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રેવતી

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૫-૨૦૨૫ શનિવાર

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. જો તમે થોડા દિવસોથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

## સા.કુંડલા ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો, ૬૯ દર્દીઓએ લાભ લીધો

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા ખાતે સદગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી અને નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પિટલ, અમરેલીના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણિ આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયું



હતું. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીઓ માટે વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં કુલ ૬૯ દર્દીઓએ ઓપીડીમાં લાભ લીધો હતો, જ્યારે ૨૨ દર્દીઓએ મોતિયાના ઓપરેશન માટે સેવાઓ મેળવી હતી. આ કેમ્પના ઉદ્‌ઘાટન સમયે કબીર ટેકરી, સાવરકુંડલાના મહંત અને ટ્રસ્ટીગણ, સામાજિક સેવા સંસ્થાના આગેવાનો સહિતના હાજર રહ્યા હતા.

## લાઠીમાં ગરીબ પરિવારોને કેરીનું વિતરણ કરવામાં આવ્યું

લાઠી, તા. ૨૩



લાઠીના પનોતા પુત્ર અને રાષ્ટ્રસંત પ.પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી તેમજ અર્હમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા ગુરુદેવના માદરે વતન લાઠીમાં ગરીબ પરિવારો અને જરૂરીયાતમંદ પરિવારોને લાઠીમાં ૪૦ કિલો કેસર કેરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં લાલાભાઈ આહિર, નીતિનભાઈ પાડા, પ્રકાશભાઈ ભુવા, બુધાભાઈ પાડા તેમજ જૈનવણિક સમાજના હર્ષદભાઈ વોરા, સુધીરભાઈ રાણપુરા સમ્રાટ વાળા સામેલ થયા હતા.

**ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકી આપી**

## લાઠી પંથકમાં પરિણીતાના ન્હાતા ફોટા પાડી બ્લેકમેલ કરી નરાધમે દુષ્કર્મ આચર્યું

**છ લાખ રૂપિયા રોકડા પડાવી લીધા**

લાઠી, તા. ૨૩

લાઠી પંથકમાં રહેતી એક પરિણીતા ન્હાતી હોય તે વખતે નરાધમે તેના ફોટા પાડી લીધા હતા. આ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી તેની પર દુષ્કર્મ આચર્યું હતું. આ ઉપરાંત છ લાખ રૂપિયા રોકડા પણ પડાવી લીધા હતા. પરિણીતાથી અત્યાચાર સહન ન થતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બનાવ સંદર્ભે પરિણીતાએ લાઠીમાં રહેતા સોહીલભાઈ રહીમભાઈ બ્લોચ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તે પોતાના રહેણાંક મકાને ન્હાતા હોય ત્યારે ફોટા પાડી વીડિયો ઉતારી લીધા હતા. આ ફોટા-વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપી તેની સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. ઉપરાંત આશરે છએક લાખ જેટલા રૂપિયા રોકડા અલગ સમયે ફોટા વીડિયો વાયરલ કરવાની ધમકી આપી મેળવી લીધા હતા. લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની વધુ તપાસ કરી રહ્યા છે.

**જાફરાબાદના કડિયાળી ગામનો બનાવ**

## 'તું મને કેમ સંભળાવે છે' કહી મહિલાને લાકડી મારી

**મહિલાએ ગામના યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

જાફરાબાદ, તા.૨૩

જાફરાબાદના કડિયાળી ગામે એક મહિલાને તું મને કેમ સંભળાવે છે તેમ કહી લાકડી મારી હતી.

દરમિયાનગીરી કરવા વચ્ચે પડેલી મહિલાની માતાને પણ ફટકારી હતી. બનાવ અંગે સમજુબેન ભવનભાઈ પરમાર (ઉ.વ.૪૫)એ તેમના ગામના રામજીભાઈ ઉકાભાઈ મકવાણા (ઉ.વ.૩૭) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેની દીકરી દયાબેન ઘરે હાજર હતા તે દરમિયાન આરોપી નીકળ્યો હતો અને તેમની દીકરીને કહ્યું કે તું મને કેમ સંભળાવે છે? તેમ કહી બાજુમાંથી લાકડી લઈ તેમની દીકરીને મારવા લાગ્યો હતો. જે દરમિયાન તેઓ વચ્ચે પડતા તેમને પણ આરોપીએ લાકડી વડે માર માર્યો હતો. તેમજ તેમની દીકરીને ગાળો આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.પી બારૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# અણઉકેલ અશાંતિ

અમેરિકાના પાટનગરમાં ઈઝરાયેલના બે રાજનૈતિકો પર હુમલો કરી તેની હત્યા કરવામાં આવી. હુમલાખોરોએ પેલેસ્ટાઈન તરફથી નારા લગાવ્યા. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત રૂપે ઈઝરાયલે તાત્કાલિક પેલેસ્ટાઈન પર પ્રચંડ મિસાઈલ મારો ચલાવ્યો. યુદ્ધમાં હોમાયેલા બંને દેશો વચ્ચે દાયકાઓથી દુશ્માવટ ચાલી આવે છે તેમાં બળતામાં ઘી હોમાયું છે. ઈઝરાઈલ સહિત પૂર્વના દેશોમાં મહિનાઓથી યુદ્ધ ચાલી રહ્યું છે તેનો અંત આવતો હોય તેવું દેખાતું નથી બીજી બાજુ ઈરાન અમેરિકા વચ્ચે પણ ટેન્શન વધી રહ્યું છે. તાજેતરમાં ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલાઓએ ફરી એકવાર મધ્ય પૂર્વમાં તણાવ વધારી દીધો છે. આ હુમલાઓએ માત્ર ક્ષેત્રની શાંતિને જોખમમાં નથી મૂકી, પરંતુ મોટી સંખ્યામાં નિર્દોષ લોકોના જીવ અને સંપત્તિને પણ નુકસાન પહોંચાડ્યું છે. આ ઘટનાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા અને દુઃખનું કારણ બની છે. ઈઝરાયલનું કહેવું છે કે આ હુમલાઓ તેમની રાષ્ટ્રીય સુરક્ષાને સુનિશ્ચિત કરવા અને તેમના પર થતા આતંકવાદી હુમલાઓનો જવાબ આપવા માટે જરૂરી હતા. તેઓ દાવો કરે છે કે તેમના લક્ષ્યાંકો ચોક્કસ આતંકવાદી જૂથોના ઠેકાણા હતા અને નાગરિકોને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. જો કે, ગ્રાઉન્ડ પરની પરિસ્થિતિ ઘણીવાર આ દાવાઓથી વિપરીત જોવા મળે છે. અનેક રિપોર્ટ્સ અને તસવીરો નિર્દોષ નાગરિકો, જેમાં બાળકો અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે, તેમના મૃત્યુ અને ઈજાઓ દર્શાવે છે. બીજી તરફ, પેલેસ્ટિનિયન અને આંતરરાષ્ટ્રીય સમુદાયના ઘણા લોકો આ હુમલાઓને અપ્રમાણસર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવે છે. તેમનું કહેવું છે કે સામૂહિક સજા તરીકે કરવામાં આવતા આવા હુમલાઓથી માત્ર સામાન્ય લોકો પીડાય છે અને તેનાથી સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. વર્ષોથી ચાલી રહેલા આ સંઘર્ષમાં બંને પક્ષોએ ઘણું સહન કર્યું છે, અને હિંસાનું આ ચક્ર માત્ર દુઃખ અને વિનાશને જ જન્મ આપે છે. આ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય સમુદાયની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. વિશ્વના દેશોએ એકસાથે મળીને તણાવને ઓછો કરવા અને બંને પક્ષો વચ્ચે શાંતિપૂર્ણ વાટાઘાટો શરૂ કરવા માટે દબાણ લાવવાની જરૂર છે. હિંસા ક્યારેય કોઈ સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકતી નથી. જરૂર છે તો સંવાદ, સમજૂતી અને એકબીજાના અસ્તિત્વને સ્વીકારવાની. આપણે એ ન ભૂલવું જોઈએ કે દરેક માનવજીવન મૂલ્યવાન છે. ઈઝરાયલી હોય કે પેલેસ્ટિનિયન, દરેક વ્યક્તિ શાંતિ અને સુરક્ષામાં જીવવાનો હક ધરાવે છે. આ હિંસાનો અંત લાવવા અને એક સ્થાયી શાંતિ સ્થાપિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે, જેથી ભવિષ્યની પેઢીઓ યુદ્ધ અને લોહીયાળ સંઘર્ષની ભયાનકતાથી મુક્ત રહી શકે. પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ એક જ ભૌગોલિક વિસ્તારમાં અસ્તિત્વ ધરાવતા બે વિશિષ્ટ સમાજો છે, જેઓ એક લાંબા અને જટિલ સંઘર્ષના તાણાવાણામાં ગૂંથાયેલા છે. તેમની વચ્ચેની ઐતિહાસિક, ધાર્મિક અને રાજકીય ભિન્નતાઓએ એક એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે જેણે પેઢીઓથી આ ક્ષેત્રને અસ્થિર રાખ્યું છે. આ બંને સમાજોને સમજવા માટે તેમની અલગ-અલગ ઓળખ, આકાંક્ષાઓ અને એકબીજા પ્રત્યેના તેમના દ્રષ્ટિકોણને સમજવા જરૂરી છે. ઈઝરાયેલી સમાજની રચના યહૂદી લોકોની સદીઓ જૂની ઘરવાપસીની ભાવના અને હોલોકોસ્ટની ભયાનકતા બાદ પોતાની સુરક્ષિત અને સ્વતંત્ર રાષ્ટ્રની સ્થાપના કરવાની ઈચ્છા પર આધારિત છે. તેઓ એક આધુનિક અને ટેકનોલોજીકલ રીતે વિકસિત સમાજ છે, જે પોતાની સિદ્ધિઓ અને મજબૂત રાષ્ટ્રીય ઓળખ પર ગર્વ કરે છે.

# પાકિસ્તાનને ખોખરૂ કરવામાં બલુચિસ્તાને સિંહફાળો આપ્યો છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારતની મિસાઈલ પાકિસ્તાનમાં ત્રાટકી ટકી રહી હતી તે જ સમયે બલુચ બળવાખોરોએ પાક. સેનાની કમર તોડી નાખી અને માત્ર ૨૪ કલાકમાં ૬૦ સ્થળો પર હુમલા કરી પાકિસ્તાનને વેરવિખેર કરીને નાખ્યું. આખરે બલુચિસ્તાન એક સ્વતંત્ર રાષ્ટ્ર બનવા જઈ રહ્યું છે. બલુચિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ નવો નથી. આમ જોઈએ તો બલુચિસ્તાન, પાકિસ્તાનનો સૌથી મોટો પ્રાંત છે, જે તેની ભૌગોલિક વ્યૂહાત્મક સ્થિતિ અને ખનિજ સંપત્તિ માટે મહત્વપૂર્ણ છે. જો કે, આ પ્રાંત લાંબા સમયથી પાકિસ્તાન સરકાર અને સ્થાનિક બલુચ વસ્તી વચ્ચેના સંઘર્ષનું કેન્દ્ર રહ્યું છે. આ સંઘર્ષના મૂળિયાં ૧૯૪૭માં પાકિસ્તાનની રચના સમયે બલુચિસ્તાનના જોડાણથી લઈને આજ સુધીની રાજકીય અને આર્થિક અસમાનતાઓમાં રહેલા છે. બલુચિસ્તાનની એક લાંબી અને સમૃદ્ધ સાંસ્કૃતિક ઓળખ છે, જે પાકિસ્તાનના અન્ય પ્રાંતોથી ભિન્ન છે. ૧૯૪૭માં ભારત અને પાકિસ્તાનના ભાગલા સમયે, બલુચિસ્તાનના રજવાડાઓએ સ્વતંત્ર રહેવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. જો કે, પાછળથી પાકિસ્તાને લશ્કરી કાર્યવાહી અને રાજકીય દબાણ દ્વારા આ પ્રદેશને પોતાનામાં ભેળવી દીધો. આ જોડાણ શરૂઆતથી જ સ્થાનિક બલુચ વસ્તીમાં અસંતોષનું કારણ બન્યું. સંઘર્ષના મુખ્ય કારણોમાં રાજકીય અને આર્થિક ગેરલાભનો સમાવેશ થાય છે. બલુચ લોકોનું માનવું છે કે પાકિસ્તાન સરકાર તેમની ખનિજ સંપત્તિ, ખાસ કરીને ગેસ અને ખનિજોનું શોષણ કરી રહી છે, પરંતુ તેના લાભો સ્થાનિક વસ્તી સુધી પહોંચતા નથી. વિકાસના નામે ચાલતી યોજનાઓમાં પણ સ્થાનિક લોકોને પૂરતું પ્રતિનિધિત્વ મળતું નથી અને તેમને તેમના જ સ્ત્રોતોથી વંચિત રાખવામાં આવે છે. વધુમાં, બલુચ લોકો પાકિસ્તાન સરકાર પર રાજકીય રીતે હાંસિયામાં ધકેલવાનો આરોપ લગાવે છે. તેઓને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ઓછો હિસ્સો મળે છે અને તેમની સાંસ્કૃતિક અને ભાષાકીય ઓળખને પૂરતું સન્માન આપવામાં આવતું નથી. આના કારણે બલુચ રાષ્ટ્રવાદી લાગણીઓ વધુ પ્રબળ બની છે, અને કેટલાક જૂથો સ્વતંત્ર બલુચિસ્તાનની માંગ પણ કરી રહ્યા છે. પાકિસ્તાન સરકારે આ સંઘર્ષને કાયદો અને વ્યવસ્થાની સમસ્યા તરીકે જોયું છે અને તેનો સામનો કરવા માટે લશ્કરી બળનો ઉપયોગ કર્યો છે. માનવાધિકાર સંગઠનોએ પાકિસ્તાની સુરક્ષા દળો પર બલુચિસ્તાનમાં માનવાધિકાર ઉલ્લંઘન, ગેરકાયદેસર અટકાયતો, ત્રાસ અને ગુમ થવાના આરોપો લગાવ્યા છે. બીજી તરફ, પાકિસ્તાન સરકાર બલુચ રાષ્ટ્રવાદી જૂથોને આતંકવાદી ગણાવે છે અને દેશની અખંડિતતા જાળવવા માટે તેમના પર કાર્યવાહીને યોગ્ય ઠેરવે છે. વર્તમાન પરિસ્થિતિમાં, બલુચિસ્તાનમાં તણાવ યથાવત છે. વિવિધ બલુચ રાષ્ટ્રવાદી જૂથો સશસ્ત્ર સંઘર્ષ ચલાવી રહ્યા છે, અને પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સંઘર્ષના કારણે સામાન્ય નાગરિકો પીડાઈ રહ્યા છે અને પ્રદેશનો વિકાસ અવરોધાઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બલુચિસ્તાનના સંઘર્ષ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. માનવાધિકાર સંગઠનો અને કેટલાક દેશોએ પાકિસ્તાન સરકારને માનવાધિકારોનું સન્માન કરવા અને રાજકીય ઉકેલ શોધવા માટે અપીલ કરી છે. જો કે, આંતરિક બાબત હોવાથી મોટાભાગના દેશોએ આ મુદ્દે તટસ્થ વલણ જાળવી રાખ્યું છે. બલુચિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ એક જટિલ અને લાંબા સમયથી ચાલી રહેલો મુદ્દો છે. તેનો ઉકેલ લાવવા માટે બંને પક્ષોએ પરસ્પર વિશ્વાસ અને સમજણ કેળવવાની જરૂર છે. રાજકીય વાટાઘાટો, આર્થિક સમાનતા અને સાંસ્કૃતિક ઓળખનું સન્માન આ સંઘર્ષને શાંતિપૂર્ણ રીતે ઉકેલવામાં મદદરૂપ થઈ શકે છે. જો કે, હાલની પરિસ્થિતિ જોતાં, આ સંઘર્ષનો તાત્કાલિક અંત આવે તેવી શક્યતા ઓછી જણાય છે. પાકિસ્તાનના સૌથી મોટા રાજ્ય બલુચિસ્તાનમાં બળવાની આગ વધુ તીવ્ર બની છે. ગત સોમવારે બલુચ લિબરેશન આર્મી (બીએલએ) એ પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સી આઈએસઆઈને નિશાન બનાવીને ૮૦થી વધુ હુમલા કર્યા છે. આ હુમલાઓમાં ૬૦ થી વધુ સ્થળોને નિશાન બનાવાયા હતા. બીએલએ દ્વારા હુમલો કરાયેલા લક્ષ્યોમાં પાકિસ્તાની આર્મી ચોકી અને આઈએસઆઈ બે સામેલ છે. બીએલએએ જણાવ્યું હતું કે આ હુમલાઓનો ઉદ્દેશ્ય ફક્ત દુશ્મનને નુકસાન પહોંચાડવાનો જ નહોતો પરંતુ સૈન્ય સંકલન, જમીની નિયંત્રણ અને રક્ષણાત્મક વ્યવસ્થાનું પરીક્ષણ કરવાનો પણ હતો. BLA એ આ હુમલાઓને પાકિસ્તાન સામે સંગઠિત યુદ્ધની શરૂઆત ગણાવી છે. આઈએસઆઈને વૈશ્વિક આતંકવાદનું કારખાનું ગણાવતા સંગઠને કહ્યું કે પાકિસ્તાન લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને આઈએસઆઈએસ જેવા આતંકવાદી સંગઠનોને માત્ર આશ્રય જ નથી આપતું, પરંતુ તેમનું પાલન-પોષણ પણ કરે છે. બલુચિસ્તાનના પ્રવક્તા કહે છે કે 'ભારતનો સહયોગ મળે, તો આપણે પાકના આતંકને હંમેશ માટે અંત લાવીશું' BLA એ પાકિસ્તાનની 'શાંતિ મંત્રણા' ને છેતરપિંડી ગણાવી છે. સંગઠને કહ્યું કે પાકિસ્તાનના હાથ બલુચિસ્તાનીઓના લોહીથી રંગાયેલા છે. બીએલએએ ભારતને સંબોધતાં કહ્યું કે, જો અમને ભારત અને વૈશ્વિક શક્તિઓ તરફથી રાજદ્વારી, રાજકીય અને સૈન્ય સમર્થન મળે, તો બલુચ પાકિસ્તાનના આતંકવાદને હંમેશા માટે નાબૂદ કરી દેશે. બીએલએએ સ્પષ્ટપણે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે આપણે ભારતીય સેના દ્વારા પરાજિત પાકિસ્તાની સેના પર નિર્ણાયક હુમલો કરીએ અને પાકિસ્તાનને અને તેના આતંકવાદને નાબૂદ કરીએ. બીએલએએ અલ્ટિમેટમ આપતા કહ્યું કે હવે અમે આવતા અઠવાડિયે ગ્વાદર-કરાચી રોડ પર સેનાને નિશાન બનાવીશું. BLAએ એક નવું અલ્ટિમેટમ જારી કર્યું છે. જેમાં મકરાન ક્ષેત્રના નાગરિકોને ગ્વાદર-કરાચી હાઈવેથી દૂર રહેવા કહેવામાં આવ્યું છે, કારણ કે આગામી હુમલાઓની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ ચેતવણી રવિવારે મોડી રાત્રે જારી કરવામાં આવી હતી, જ્યાં સાંજ પછી બલુચ બળવાખોરો મુક્તપણે ફરે છે, જ્યારે પાકિસ્તાની સૈનિકો બંકરો અને છાવણીઓમાં છુપાયેલા રહે છે. આ હુમલાઓ પછી પાકિસ્તાની સેનાની કમર તૂટી ગઈ છે. બીએલએ લડવૈયાઓએ વીડિયો જારી કરીને પાક સેના-સરકારને ચેતવણી આપી છે. બલુચ માતૃભૂમિને પંજાબી સેનાની ચુંગાલમાંથી મુક્ત કરાવીએ. બીએલએ એ કહ્યું- પાકની શાંતિની વાતો, યુદ્ધવિરામ પ્રસ્તાવ અને ભાઈચારાની વાતો માત્ર છેતરપિંડી છે. BLA એ દુનિયાને ચેતવણી આપી હતી કે જો પાકિસ્તાનને આ રીતે સહન કરવામાં આવશે તો આ દેશ ભવિષ્યમાં આખી દુનિયા માટે વિનાશનું કારણ બની શકે છે. કટ્ટરપંથી સૈન્ય પાસે પરમાણુ શસ્ત્રઓનો કબજો ફક્ત દક્ષિણ એશિયા માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ખતરો છે. પાકિસ્તાને તેને વિદેશી કાવતરું કહેવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ સત્ય એ છે કે આપણે આપણી જમીન, ઓળખ અને સન્માન માટે લડી રહ્યા છીએ. બલુચિસ્તાનમાં સરકાર-સેનાની જોડી દાયકાઓથી અહીં શોષણ કરી રહી છે. બીજી તરફ ભાજપના નેતાઓને સલાહ આપી કે યુદ્ધવિરામના મામલે બેકફૂટ ન જાવ, સૈન્ય તથ્યો જણાવો. ભાજપ ઓપરેશન સિંદૂરની સફળતાને લોકો સુધી પહોંચાડવાની તૈયારી કરી રહ્યું છે. યુદ્ધવિરામ અંગે પાછળ ન જવાની સૂચના આપવામાં આવી છે. કાર્યકર્તાઓને એવું કોઈ નિવેદન આપવાથી દૂર રહેવા કહેવામાં આવ્યું છે, જેના તથ્યો સેનાના તથ્યો સાથે મેળ ખાતા નથી. જેપી નડ્ડાએ આ મુદ્દે ઘણી બેઠકો યોજી હતી. પાકિસ્તાની સેનાએ પોતે જ યુદ્ધવિરામની વિનંતી કરી હતી. ભારત સંમત થતાં જ પાકિસ્તાને અમેરિકાને તેના વિશે જાણ કરી હતી. આગામી થોડા સમયમાં પાકિસ્તાન જો ભારત પર ત્રાસવાદી પ્રવૃત્તિની હરકત કરશે તો ભારતીય સેના જડબાતોડ જવાબ આપશે અને તેની અસરો વિનાશક હશે. બીજી બાજુ બ્લુચિસ્તાન પણ આઝાદ થવા માટે પાકિસ્તાન હુમલા કરી રહ્યું છે.

**ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ચાલતું હતું તે દરમિયાન બલુચિસ્તાન પણ પાકિસ્તાન પર હુમલા કરી રહ્યું હતું. બીએલએ તેને એક નવી રણનીતિ અને યુદ્ધની શરૂઆત ગણાવી છે. જેને કારણે પાકિસ્તાનના ટુકડા થઈ રહ્યા છે.**

## શબ્દ સંજોગ-૨૦૦૬



**આડી ચાવી :**
(૧) જેનું દર્શનસ્મરણાદિ મંગળકારી છે તે (૫)
(૫) એક અનાજ - કઠોળ (૩)
(૭) નાચવાનો અવાજ (૩)
(૮) પૂરનાર, પૂર્ણ કરનાર (૩)
(૧૦) રંગ, રસવાહિની (૨)
(૧૨) એક જંગલી છોડ (૪)
(૧૩) નવું પાકેલું અનાજ (૩)
(૧૫) જાડાશ, ઘનતા (૨)
(૧૭) નિખાલસ, સરળ (૩)
(૧૮) ધોળો રેતાળ પથ્થર (૨)
(૧૯) દસ્ત, દવાથી પેટ સાફ કરવું તે (૪)
(૨૧) રંગબેરંગી, કાબરચીતરું (૩)
(૨૩) હોમ નિમિત્તે રાંધેલું અન્ન (૨)
(૨૪) કન્યાને પરણાવતા પહેલા ચડાવાતું ઘરેણું (૩)
(૨૭) પૈસા આપવાથી તૈયાર રસોઈ મળે તે જગા (૨)
(૨૮) પૃથ્વીનું બહુ ઊંડું તળ (૩)
(૩૦) એક જાતની બંદૂક (૪)
(૩૧) પંજાબની એક નદી (આ-અ) (૪)

**ઉભી ચાવી :**
(૧) ઊથલપાથલ, ગડમથલ (૩)
(૨) ખૂબ ધીમે અવાજે થતી વાત (૪)
(૩) નસીબ (અં) (૨)
(૪) ઉમેરણ, વધારો (અ) (૨)
(૫) અનર્ગલ, અપાર (૪)
(૬) ધર્મશાળા (૩)
(૯) પાકનો હિસ્સો (૩)
(૧૧) અન્નનું દાન (૪)
(૧૪) ખરીદ કર્યાનું- ભાવતાલ કે બિલની રકમની ખાતરી આપતું ભરતિયું, પહોંચ (૪)
(૧૬) ભવિષ્ય, નસીબ (૨)
(૧૮) બળદ (૨)
(૨૦) જુલાબ (૨)
(૨૧) ધુર્ત, લુચ્ચું (૨)
(૨૨) આક્રંદ, કલ્પાંત (૪)
(૨૪) વારાણસી, (૨)
(૨૫) ભલું, સરળ (૩)
(૨૬) પૃથ્વી, ધરતી (૨)
(૨૯) લાગ, યોગ્ય સમય (૨)

## શબ્દ સંજોગ-૨૦૦૫ જવાબ

**આડી ચાવી:** (૧) ભાખર (૩) માળવા (૬) મહિમા (૮) કમર (૧૦) ળરતમ (મળતર) (૧૨) બાળક (૧૩) સવા (૧૪) સાવ (૧૫) રજા (૧૭) હિંમત (૧૮) વનવે (૨૦) હોજ (૨૧) રબર (૨૨) લહેર (૨૫) મણ (૨૬) મંદવાડ (૨૯) વાત (૩૦) અટકળ. **ઉભી ચાવી:** (૧) ભાગોળ (૨) રમતવાત (૩) મામા (૪) વાકળ (૫) પોર (૭) હિમ (૯) મક (૧૧) રસમ (૧૨) બાવન (૧૪) વેરણ (૨૩) હેમંત (૨૪) રદ (૨૭) વાપી (૨૮) પંક.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૫ | ૧૫૨૮ |
| ઘઉં લોકવન | ૪૯૪ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૬૨ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૯૮૬ |
| જુવાર લાલ | ૮૮૦ | ૧૦૩૦ |
| બાજરી | ૪૦૧ | ૫૪૫ |
| તુવેર | ૧૧૮૫ | ૧૩૫૫ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૭૯ |
| ચણા સફેદ | ૧૫૯૫ | ૨૧૭૦ |
| અડદ | ૧૧૯૦ | ૧૫૫૦ |
| મગ | ૧૪૦૦ | ૧૯૭૧ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૧૫૦ |
| વાલ પાપડી | ૯૦૦ | ૧૬૫૫ |
| ચોળી | ૧૪૧૫ | ૧૯૫૦ |
| રાજમા | ૬૦૦ | ૨૨૦૦ |
| મગફળી જાડી | ૯૬૫ | ૧૦૯૫ |
| મગફળી જીણી | ૧૦૦૫ | ૧૫૧૬ |
| તલી | ૧૫૦૦ | ૨૩૪૦ |
| સુરજમુખી | ૭૦૦ | ૧૧૯૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૩ |
| અજમો | ૯૪૦ | ૨૧૦૦ |
| સુવા | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૭૨ | ૮૧૯ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૨૯૬૧ | ૪૦૯૦ |
| લસણ | ૭૦૦ | ૧૪૫૯ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૩૧ |
| મરચા સુકા | ૭૨૫ | ૧૫૦૦ |
| ધાણી | ૧૧૯૦ | ૧૬૧૧ |
| વરીયાળી | ૯૦૦ | ૧૭૪૪ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૧૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૧૦ |
| મેથી | ૮૧૦ | ૧૨૬૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૮૮૫ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૧૨૫ |
| રાયડો | ૯૮૦ | ૧૧૦૧ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૧૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૫૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૧૮૦૦ |
| સાકરટેટી | ૧૦૦ | ૨૦૦ |
| તરબુચ | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૨૧ | ૨૩૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૬૦ |
| સુરણ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૫૦ | ૩૫૦ |
| રીંગણા | ૨૭૦ | ૫૨૦ |
| કોબીજ | ૪૦ | ૧૫૦ |

| | | |
|---|---|---|
| ફ્લાવર | ૩૬૦ | ૭૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૪૫૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| દુધી | ૮૦ | ૧૨૦ |
| કારેલા | ૩૦૦ | ૪૫૦ |
| સરગવો | ૨૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૫૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ગલકા | ૧૪૦ | ૨૮૦ |
| બીટ | ૧૪૦ | ૨૬૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૫૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૫૩૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૨૬૦ |
| ગુંદા | ૨૫૦ | ૫૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૧૧ | ૧૫૧૬ |
| ઘઉં લોકવન | ૪૪૬ | ૫૫૮ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૫૪ |
| મગફળી જીણી | ૮૪૧ | ૧૫૯૬ |
| સિંગદાણા જાડા | ૧૧૮૧ | ૧૪૮૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૪૬ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૧૩૧ |
| ક્લંજી | ૨૦૦૦ | ૪૦૧૧ |
| વરીયાળી | ૧૦૦૧ | ૧૨૦૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૨૫૧ |
| અડદ | ૮૧૧ | ૧૪૪૧ |
| તુવેર | ૭૫૧ | ૧૩૩૧ |
| રાયડો | ૮૦૧ | ૧૧૪૧ |
| મેથી | ૫૦૧ | ૯૩૧ |
| કાંગ | ૩૧૧ | ૫૭૧ |
| મગફળી જાડી | ૭૨૧ | ૧૩૯૧ |
| સફેદ ચણા | ૧૦૬૬ | ૧૭૮૧ |
| મગફળી નવી | ૮૦૬ | ૧૧૧૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૩૫૧ |
| ઇસબગુલ | ૨૫૦ | ૧૬૬૧ |
| ધાણી | ૯૦૦ | ૧૬૫૧ |
| બાજરો | ૩૧૧ | ૪૭૧ |
| જુવાર | ૮૬૧ | ૮૬૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૧૧ |
| મગ | ૧૫૦૧ | ૧૮૭૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૧ |
| વાલ | ૫૦૧ | ૮૬૧ |

| | | |
|---|---|---|
| ચોળા / ચોળી | ૬૮૧ | ૧૫૪૧ |
| સોયાબીન | ૭૩૧ | ૮૩૬ |
| ગોગળી | ૬૦૦ | ૧૧૦૧ |
| વટાણા | ૧૨૦૦ | ૧૭૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૬૦ | ૩૦૦ |
| દુધી | ૨૦ | ૧૬૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૨૮૦ |
| ગાજર | ૧૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૮૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| કાચા કેળા | ૩૫૦ | ૫૫૦ |
| પચકારુ | ૨૦૦ | ૪૦૦ |
| ચુરણ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૩૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૨૦ |
| બીટ પુરા | ૬ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૭૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૮૦ | ૧૫૮૧ |
| શિંગ મઠડી | ૯૦૫ | ૧૦૩૯ |
| શીંગ મોટી | ૮૬૦ | ૧૦૬૮ |
| શિંગ દાણા | ૧૨૭૨ | ૧૩૬૪ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૩૨૬ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૧૯૩૦ | ૪૧૦૧ |

| | | |
|---|---|---|
| તલ કાશ્મીરી | ૧૦૮૦ | ૨૦૫૨ |
| બાજરો | ૩૫૫ | ૫૩૦ |
| જુવાર | ૩૮૦ | ૮૮૫ |
| ઘઉં ટુકડા | ૩૨૫ | ૬૧૦ |
| ઘઉં લોકવન | ૩૨૧ | ૫૪૨ |
| મગ | ૧૩૦૦ | ૧૭૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૭૮ |
| ચણા દેશી | ૧૦૬૬ | ૧૦૬૬ |
| સફેદ ચણા | ૮૧૦ | ૧૦૭૧ |
| ચણા છોલે | ૧૪૦૦ | ૧૫૬૧ |
| ચોળી | ૧૫૬૨ | ૧૫૬૨ |
| તુવેર | ૯૦૫ | ૧૩૨૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૦૯ |
| જીરૂ | ૧૮૧૮ | ૩૯૭૦ |
| રાઈ | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ધાણા | ૧૨૧૫ | ૧૩૭૦ |
| ધાણી | ૧૨૧૫ | ૧૩૭૦ |
| મેથી | ૭૫૦ | ૯૨૦ |
| સોયાબીન | ૭૦૫ | ૮૧૪ |
| કાંગ | ૩૦૫ | ૩૧૪ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૬૦ | ૩૧૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૪૦૦ | ૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| દુધી | ૫૦ | ૧૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૨૫૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| ગરમર | ૭૦૦ | ૯૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૬૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૫૦ |
| કોથમીર | ૪૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૮૨૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| કાચી કેરી | ૩૦૦ | ૫૫૦ |
| સરગવો | ૨૫૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૩૦ |

| | | |
|---|---|---|
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૨૦ |
| ડુંગળી લીલી | ૫૮૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૨૧૦ |
| પાલક | ૭૨૦ | ૮૫૦ |
| લસણ સુકુ | ૪૫૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૨૦ |
| લીબું | ૮૦૦ | ૧૨૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૩ | ૧૪૭૫ |
| મગફળી | ૯૬૭ | ૧૦૨૧ |
| ચણા | ૧૦૭૦ | ૧૦૮૪ |
| જુવાર સફેદ | ૭૨૧ | ૭૫૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૮૫૧ | ૮૫૧ |
| જીરૂ | ૩૯૭૬ | ૩૯૭૬ |
| મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૩૯ |
| કપાસ મીડીયમ | ૧૧૨૦ | ૧૩૯૦ |
| મગફળી | ૯૮૯ | ૧૦૨૧ |
| જીરૂ | ૩૩૭૦ | ૩૮૯૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૭૦ |
| તલ | ૧૬૨૫ | ૨૦૮૫ |
| ચણા | ૧૦૫૮ | ૧૦૯૨ |
| બાજરો | ૪૨૫ | ૪૯૫ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૪૯૬ |
| ચણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| દેશી ચણા | ૧૧૨ | ૧૧૨૫ |
| તુવેર | ૧૧૧૦ | ૧૨૭૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૨૫૫ |
| એરંડા | ૧૦૮૬ | ૧૧૭૦ |
| મગ | ૧૪૧૫ | ૧૪૧૫ |
| મેથી | ૭૮૫ | ૮૮૬ |
| રાઈ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| શીંગ દાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ક્લોંજી | ૩૨૪૦ | ૩૨૪૦ |
| સોયાબીન | ૬૭૫ | ૭૫૭ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૯૯૫ |
| તલ સફેદ | ૧૬૬૫ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૪૫૦ | ૩૦૦૧ |
| તલ પીળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| બાજરો | ૩૫૯ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૫૩૨ | ૫૭૧ |
| જુવાર | ૬૦૦ | ૧૦૦૧ |
| મકાઈ | ૪૫૨ | ૫૫૦ |
| મગ | ૧૩૫૦ | ૧૫૭૦ |
| અડદ | ૧૧૦૧ | ૧૩૦૦ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૧૨ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| સુવા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૭૫૦ | ૭૯૦ |
| અજમા | ૧૫૭૦ | ૧૫૭૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૯ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૨ |
| જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| ચણા છોલે | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ધાણા | ૯૦૦ | ૧૨૪૧ |
| શીંગદાણા | ૧૦૮૦ | ૧૧૯૫ |
| મગફળી | ૯૭૫ | ૧૦૦૫ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૬૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૯ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૮૩૦ |
| બાજરો | ૪૧૦ | ૫૩૫ |
| મગ | ૭૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૯૩૦ | ૧૩૨૫ |
| ચોળી | ૧૩૦૦ | ૧૭૨૫ |
| મેથી | ૮૫૦ | ૧૦૭૩ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૧૧૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૨૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૨૦ |
| તલ | ૧૪૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૭૫ |
| રાયડો | ૯૦૦ | ૧૧૦૭ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૦૫ |
| લસણ | ૫૦૦ | ૧૧૦૭ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૨૬૨૫ | ૩૯૭૦ |
| ડુંગળી | ૩૦ | ૧૭૦ |
| ઈસબગુલ | ૭૧૦ | ૧૬૭૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૨૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૭ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૭૬ |
| મગફળી | ૬૦૧ | ૧૦૬૧ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૩૬ |
| ધાણા | ૮૦૦ | ૧૩૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના, ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં આજે ૨૪ મેના રોજ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડા અને ભારે પવન સાથે વરસાદ પડી શકે છે. ૨૩ થી ૨૫ તારીખ સુધી ગુજરાતમાં વરસાદની આગાહી છે. જ્યારે ૨૬ અને ૨૭ તારીખે ગુજરાતમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. ૨૫ મે સુધી રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ જોવા મળી શકે છે. અરબી સમુદ્ર



પર ચક્રવાતી પવનનો વિસ્તાર વિકસિત થયો છે. ભારે વરસાદની આગાહીને કારણે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુરૂવારથી રાજ્યમાં વરસાદનું જોર વધશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. ૨૨ થી ૨૪ મે દરમિયાન ગુજરાતમાં ભારે વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. ૨૪ મેના રોજ રાજ્યમાં મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. તેથી, અમદાવાદમાં તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાશે. હવામાન વિભાગની આગાહી મુજબ, અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે.

# પીએમ મોદીના પ્રવાસ પહેલા એસપીજીના ગુજરાતમાં ધામા, પાંચ શહેરમાં થ્રી લેયર સુરક્ષા

ગાંધીનગર,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬ અને ૨૭ મે બે દિવસના ગુજરાત પ્રવાસે આવવાના છે. આ તકે તેમના સ્વાગત માટે સમગ્ર તંત્ર સજ્જ બન્યું છે અને વિવિધ શહેરોમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાનના આગમન પૂર્વે દેશમાં સુરક્ષા બાબતે શ્રેષ્ઠ ગણાતી એસપીજીની ટીમે ગુજરાતમાં ધામા નાંખ્યા છે અને સુરક્ષા વ્યવસ્થાનું માળખું પોતાના હાથમાં



લઈ લીધું છે. પીએમ મોદીનો પ્રવાસ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, દાહોદ અને કચ્છ જેવા વિવિધ વિસ્તારોમાં છે. જ્યાં રોડ શો અને જાહેર સભાઓ યોજાવાની છે. તે સ્થળોએ અત્યારે હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દરેક શહેરમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. જેમાં સ્થાનિક પોલીસ, રાજ્ય રિઝર્વ ફોર્સ અને એસપીજી એકમો સમાવિષ્ટ છે. વડાપ્રધાન મોદીની સુરક્ષામાં કોઈપણ ખામી ન રહે એ માટે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય વ્યક્તિગત રીતે સમગ્ર કામગીરીની દેખરેખ રાખી રહ્યા છે. તેમણે સ્થળ પર જઈને નિરીક્ષણ શરૂ કરી દીધું છે અને દરેક તબક્કે અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપવામાં આવ્યા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પીએમ મોદીના પ્રવાસને ધ્યાનમાં રાખીને અમદાવાદ, ગાંધીનગર, દાહોદ, કચ્છ અને વડોદરામાં ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડાઓ દ્વારા જાહેરનામા બહાર પાડવામાં આવશે જેથી કોઈ શરારત કે ભાંગફોડ ન થાય.

# ગોંડલમાં મીની વાવાઝોડા જેવા માહોલ વચ્ચે ધોધમાર વરસાદ ખાબક્યો



તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ, તા.૨૩

ગોંડલમાં અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. ભારે પવનને લઈને અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા હતા. મીની વાવાઝોડા જેવા માહોલ વચ્ચે ધોધમાર વરસાદ ખાબકતાં ચારેબાજુ પાણી પાણી થઈ ગયું હતું. શહેરના પેલેસ રોડ પર શ્રી સોરઠીયા ગુર્જર સુથાર જ્ઞાતિની વાડીના બારીના કાચ ફૂટ્યા હતા.

# ઉપલેટામાં મામલતદારે અનાજનો જથ્થો ઝડપ્યા બાદ ધોરાજી સરકારી તંત્ર પણ હરકતમાં

ઉપલેટા, તા. ૨૩

ઉપલેટા ખાતે થોડા સમય પૂર્વે નિમણૂક પામેલા મામલતદાર નિખિલ મહેતા દ્વારા ગેરકાયદે ચાલતી ખનન પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી, ઓવરલોડ અને ગેરકાયદે ખનીજ જથ્થો તેમજ સરકારી અનાજનાં કાળા કારોબાર સામે કડક હાથે કામગીરી શરુ કરી છે. ઉપલેટા મામલતદાર



તસવીર : નયન ફુહાડીયા

દ્વારા પકડાયેલા અનાજના જથ્થા બાબતે આજરોજ આગળની તપાસ હાથ ધરતા ધોરાજી શહેરમાં પ્લાસ્ટિકના કારખાનાઓ પાસે એક શંકાસ્પદ ગોડાઉન બાબતે જાણકારી મળતા પ્રાંત અધિકારી-ધોરાજી, મામલતદાર-ધોરાજી, નાયબ મામલતદાર પુરવઠાની ટીમ દ્વારા ૫૧૮ બેગ ઘઉં, ૨૦૩ બેગ ચોખા મળી કુલ કિંમત રૂપિયા ૧૨,૩૪,૮૦૦ નું શંકાસ્પદ સરકારી અનાજ બિલ વગરનું જપ્ત કર્યું હતું.

આ સિવાય ૨ બોલેરો કે જેની અંદાજિત કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦ની થાય છે તે સીઝ કરીને પોલીસને સોંપી હતી.

# વડોદરા મનપાની ૮૪ કરોડની જમીન પર ક્રિકેટર યુસુફ પઠાણનું દબાણ ! તંત્રનું મૌન

વડોદરા, તા.૨૩

વડોદરામાં વાઘોડિયા રોડ પર સરકારી જમીન પર બનેલ ૨૫ વર્ષ જૂના પશુપતિનાથ મંદિરને જમીન પચાવી પાડવા મામલે નોટિસ આપવામાં આવી છે. તો બીજી બાજુ ક્રિકેટર યુસુફ પઠાણે જમીન પર દબાણ કર્યુ હોવા છતાં કેમ હજુ સુધી જમીનના દબાણ અંગે નોટિસ પાઠવવામાં આવી નથી તે અંગે મોટો સવાલ ઊભો થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરમાં વાઘોડિયા રોડ પર યુસુફ પઠાણે ૮૪ કરોડની ૯૭૫ ચોરસ મીટર જમીન પર ૧૨ વર્ષથી કબ્જો કર્યો હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. તો વોર્ડ નંબર ૩, ટી.પી. સ્કીમ નંબર ૩ તેમજ ફાઈનલ પ્લોટ નંબર ૩૮૧ પર પશુપતિનાથ મંદિરને લેન્ડ ગ્રેબિંગ (જમીન પચાવવા) મુદ્દે તંત્રએ નોટિસ પાઠવતા આવી વિરોધાભાસ ધરાવતી કાર્યવાહી મામલે વિશ્વામિત્રી સમિતિએ કાર્યક્રમ કરવાની ચીમકી આપી છે.

# ધોરાજી નજીક ST બસ અને JCB વચ્ચે અકસ્માત : ૪ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

ધોરાજી, તા.૨૩

ધોરાજી-જામકંડોરણા રોડ પર જામનગર-ઉના ST બસ અને એક અજાણ્યા JCB વચ્ચે ભગવતી પોલીમર્સ નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. JCB અથડાતાં બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો અને બસ કારખાનાની દિવાલ તોડી અંદર ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં બસમાં સવાર આશરે ૪૦-૪૫



મુસાફરોમાંથી ચાર મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક ધોરાજી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે, બસ ડ્રાઈવર અને કંડક્ટરનો આબાદ બચાવ થયો હતો. બસ ડ્રાઈવરના જણાવ્યા અનુસાર, JCB ચાલકની બેદરકારીને કારણે આ ઘટના બની હતી. અકસ્માતને કારણે ભગવતી પોલીમર્સને આશરે ત્રણ લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે, જ્યારે ST બસને પણ ઘણું નુકસાન થયું છે. ધોરાજી તાલુકા પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

# વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગુજરાતમાંથી પ્રથમ દિવસે ૨૭૦૦ કિલો પ્લાસ્ટિક કચરો એકત્ર

**ગુજરાતમાં ઠેર-ઠેર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે**

ગાંધીનગર,તા.૨૩

“વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત” થીમ સાથે વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની ઉજવણીની શરૂઆત ૨૨ મેથી ૫ જૂન ૨૦૨૫ સુધી કરવાની જાહેરાત કરવામાં આવી છે. બે અઠવાડિયાના રાષ્ટ્રવ્યાપી અભિયાનનો ઉદ્દેશ્ય પ્લાસ્ટિક પ્રદૂષણની અસર અંગે જનજાગૃતિ લાવવા અને સંતુલિત વિકલ્પોને પ્રોત્સાહન આપવાનો છે. ૨૩ મે ૨૦૨૫ના રોજ ઉજવણીના બીજા દિવસની ઉજવણી નિમિત્તે, ગુજરાતમાં ૧૦૦થી વધુ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેમાં ૫૦૦૦થી વધુ સ્વયંસેવકોએ રાજ્યમાં વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો જેમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક એકત્રિકરણ, સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક જપ્ત કરી અને દંડ લાદવો, ઉદ્યોગોમાં વૃક્ષારોપણ, પ્રતિજ્ઞા સમારોહ અને પ્લાસ્ટિક સંગ્રહ, વર્ગીકરણ પર સેમિનાર, ઘન કચરા વ્યવસ્થાપન અને “સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો” વિષય પર સેમિનારનો સમાવેશ થાય છે. તમામ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા જિલ્લા પ્રાદેશિક કચેરીઓએ તેમના સ્તરે પ્લાસ્ટિક કચરા એકત્ર અભિયાનનું આયોજન કર્યુ હતું. આ દરમિયાન ૨૩ મે ૨૦૨૫ના રોજ અભિયાનના પ્રથમ દિવસે આશરે ૨૭૦૦ કિલો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

# ભાયાવદર ગામે દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની કેદ, યુવતીની માતાને પણ સજા

ઉપલેટા,તા.૨૩

ઉપલેટાના ભાયાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મના ગંભીર ગુનામાં કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આરોપી સહિત તેની માતાને પણ સજા આપવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ કેસમાં આરોપી પિયુષ કિશોરભાઈ પટેલને દુષ્કર્મના કેસમાં આરોપી ઠેરવવામાં આવ્યો છે. જેને ન્યાયાલય દ્વારા ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી છે તેમજ ભોગ બનનાર પીડિતાની માતાને ગુનામાં આરોપીને સહાય કરવા અંગે સજા કરવામાં આવી છે. આ કેસમાં નવા કાયદા અમલ બાદ પ્રથમ એવો કિસ્સો હશે, જેની અંદર સજાનો હુકમ કરવામાં આવેલ છે. તો દુષ્કર્મના આરોપી સાથે સાથે ભોગ બનનારની માતાને પણ સજા ફટકારવામાં આવી છે. આ ચુકાદો નૈતિકતા અને કાયદા બંનેના દ્રષ્ટિકોણે મહત્વ ધરાવે છે.

# ધોરાજીના પાટણવાવમાં રૂ. ૧૯ લાખનું ગેરકાયદેસર ધાર્મિક દબાણ હટાવાયું

ધોરાજી, તા.૨૩

ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે સરકારી પડતર જમીન સર્વે નંબર ૨૩/૧ પૈકી ૧માં આશરે ૩૦૦૦ ચો.મી. વિસ્તારમાં બનેલું ગેરકાયદેસર ધાર્મિક દબાણ વહેલી સવારે દૂર કરવામાં આવ્યું હતું. ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર નાગાર્જુન તરખલા અને મામલતદાર આર.કે. પંચાલની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ રીતે આ કાર્યવાહી પાર પાડી હતી. મામલતદાર આર.કે. પંચાલના જણાવ્યા અનુસાર, આ દબાણ સામે સિવિલ કોર્ટ અને એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ, ધોરાજીમાંથી



તસવીર : નયન ફુહાડીયા

કોઈ મનાઈ હુકમ મળ્યો ન હતો. વધુમાં, તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પણ આ દબાણ અંગે અરજીઓ મળી હતી. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અને ૨૦૧૦ના જાહેર રસ્તાઓ પરના ધાર્મિક દબાણ અંગેના નિયમોને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ દબાણ હટાવવાથી આશરે ૧૯ લાખ રૂપિયાની સરકારી પડતર જમીન ખુલ્લી થઈ છે.

# મોટી ફાફણી ગામે ભાગવત સપ્તાહમાં આજે વિવિધ જન્મોત્સવની ઉજવણી

કોડીનાર, તા.૨૩

કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામે નટવરલાલ બળવંતરાય જોશી પરિવાર દ્વારા ૨૧થી ૨૭ મે દરમિયાન શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. માજી સરપંચ જાદવભાઈની વાડી ખાતે તૈયાર કરાયેલા “ગોકુલધામ” કથા મંડપમાં યોજાઈ રહેલી આ કથાના વ્યાસ પીઠે મેહુલભાઈ જોશી (બેટદ્વારકા વાળા) બિરાજીને ભાવિકોને રસપાન કરાવી રહ્યા છે. આ કથા દરમિયાન ભગવાનના વિવિધ અવતરણોની જીવંત ઝાંખીના દર્શન કરાવવામાં આવી રહ્યા છે. આજે, ૨૪ મે, શનિવારના રોજ બપોરે રામ જન્મોત્સવ તથા સાંજે કૃષ્ણ જન્મોત્સવનું ભવ્ય આયોજન કરાશે. કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩:૩૦ થી ૬:૩૦ છે. મોટી ફાફણી ગામના લોકો મોટી સંખ્યામાં કથા શ્રવણ કરી ધન્યતા અનુભવી રહ્યા છે. કથાનો વિરામ ૨૭ મે, મંગળવારના રોજ થશે.

**-// તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, ધારી //-**

બ.ડે.રજી.કેસ નં.૨૭૪/૨૫ નં.એમએજી/વશી/૨૮૦/૧૧/૨૦૨૫
તા.૨૩/૦૫/૨૫

અરજદાર :- ભારતીબેન જીવણરામ મહેતા
રહે.વડોદરા તા.વડોદરા જિ.વડોદરા

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
-વ-
તલાટી કમ મંત્રીશ્રી લાખાપાદર તા. ધારી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ભારતીબેન જીવણરામ મહેતા રહે.વડોદરા તા.વડોદરા જિ.વડોદરા વાળાએ તેમના પોતે ભારતીબેન જીવણરામ મહેતા નું જન્મ તારીખ ૦૮/૦૯/૧૯૫૪ નાં રોજ ધારી તાલુકાનાં લાખાપાદર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર કે વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૬/૦૬/૨૦૨૫ના રોજ ૪-૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ,
ધારી

# કોડીનાર પોલીસે ‘તેરા તુજકો અર્પણ’ હેઠળ ગુમ થયેલી ૩ બાઈક શોધી માલિકોને પરત કરી



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર, તા.૨૩

તેરા તુજકો અર્પણ પહેલ હેઠળ ગુમ થયેલી કુલ ત્રણ મોટરસાયકલ શોધી કાઢી તેના મૂળ માલિકોને સફળતાપૂર્વક પરત કરી છે. વિવિધ સ્થળોના સી.સી.ટી.વી. ફૂટેજ ચેક કરીને દિનેશભાઈ કરશનભાઈ ચૌહાણની હીરો સ્પ્લેન્ડર પ્લસ (GJ-11-AN-3340), ચંદ્રકાંતભાઈ લવજીભાઈ સુચકની હોન્ડા એક્ટિવા (GJ-32-J-5649) અને દર્શનાબેન હાર્દિકભાઈ બારોટની હોન્ડા એક્ટિવા (GJ-32-AB-8763) શોધી કાઢી હતી. આ કાર્યવાહીથી પોલીસ પ્રજાનો મિત્ર સૂત્ર સાર્થક થયું છે.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૭૪/૨૦૨૫ તા.૧૨/૦૫/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. નિધી દિનેશભાઈ ગોંડલીયા
રહે. નીલકંઠ સોસાયટી, કાપોદ્રા રોડ, સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી નિધી દિનેશભાઈ ગોંડલીયાનો જન્મ તા.૦૮/૦૪/૨૦૦૩ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૬/૨૦૨૫

પ્રતિ,
શ્રી ચેતનાબેન ભોગીલાલ વૈષ્ણવ
રહે.ગોતા સીનેમા વિસ્તાર,તાલાલા તાલુકો-તાલાલા, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

**વકીલશ્રી જે.જી.સોસા રહે.કોડીનાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વલાદર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામના રહીશ **શ્રી જયંતીલાલ હરખચંદ વૈષ્ણવ તથા ઈન્દુબેન જયંતીલાલ વૈષ્ણવ ની પુત્રી શ્રી નયનાબેન જયંતીલાલ વૈષ્ણવનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૬૩ ના રોજ કોડીનાર તાલુકાના વલાદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ **કોડીનાર તાલુકાના વલાદર ગામના સને. ૧૯૬૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૯/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# દેશમાં કોરોનાએ માથુ ઉંચકતા આંધ્રપ્રદેશ સરકારે માસ્ક સહિત એડવાઈઝરી જાહેર કરી

(એચ.એસ.એલ),વિજયવાડા,તા.૨૩



દેશના કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસ ધીમે ધીમે વધી રહ્યા છે. દરમિયાન, આંધ્રપ્રદેશ સરકારે પુષ્ટિ આપી છે કે રાજ્યમાં કોઈ સક્રિય કોરોના દર્દી નથી. જ્યારે પડોશી રાજ્યોમાં કેસ ફરી વધી રહ્યા છે. સાવચેતીના પગલા તરીકે, આરોગ્ય, તબીબી અને પરિવાર કલ્યાણ વિભાગે જાહેર પરિવહન અને શોપિંગ મોલ, સિનેમા હોલ, પૂજા સ્થળો અને બજારો જેવા ભીડભાડવાળા સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવ્યું છે. આ સાથે, નાગરિકો માટે એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. આરોગ્ય વિભાગે નાગરિકોને સતર્ક રહેવા વિનંતી કરી છે. તાવ, ઉધરસ, શરદી અને ગળામાં દુઃખાવો જેવા સામાન્ય લક્ષણો ધરાવતા વ્યક્તિઓને ડૉક્ટરનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી આવતા મુસાફરોને પરીક્ષણ કરાવવાની અને જો તેઓમાં લક્ષણો દેખાય તો ઓછામાં ઓછા એક અઠવાડિયા માટે પોતાને અલગ રાખવાની સલાહ આપવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા સ્ત્રીઓ, પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, વરિષ્ઠ નાગરિકો અને ક્રોનિક રોગોથી પીડિત લોકો માટે એક ખાસ એડવાઈઝરી જારી કરવામાં આવી છે.

# ભારતીય સાંસદોનું વિમાન મોસ્કો લેન્ડ કરે તે પહેલા ડ્રોન હુમલામાં માંડ બચ્યું

નવીદિલ્હી,તા.૨૩



આતંકવાદ અંગે ભારતનું પ્રતિનિધિમંડળ વિશ્વભરમાં મોકલવામાં આવ્યું છે. આ જ ક્રમમાં, ડીએમકે સાંસદ કનિમોઝીના નેતૃત્વમાં ભારતીય સાંસદોનું એક પ્રતિનિધિમંડળ પણ રશિયા પહોંચ્યું છે. જોકે, રશિયા પહોંચ્યા પછી, વિમાનને લગભગ ૪૫ મિનિટ સુધી હવામાં ચક્કર લગાવવું પડ્યું. હકીકતમાં, ડીએમકે નેતા કનિમોઝીના નેતૃત્વમાં ભારતીય સાંસદોનું એક પ્રતિનિધિમંડળ શુક્રવારે મોસ્કો પહોંચ્યું હતું. આ સમય દરમિયાન, ડ્રોન હુમલાને કારણે સાંસદોના પ્રતિનિધિમંડળને લઈ જનારા વિમાનને થોડા સમય માટે આકાશમાં ચક્કર લગાવવું પડ્યું. જોકે, બાદમાં વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું. તમને જણાવી દઈએ કે ડીએમકે સાંસદ કનિમોઝી કેન્દ્ર દ્વારા નિયુક્ત સાંસદોના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા હતા, જેમને ઓપરેશન સિંદૂર પછી આંતરરાષ્ટ્રીય આઉટરીચ અભિયાન હેઠળ મોકલવામાં આવ્યા હતા. ઓપરેશન સિંદૂર એ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવતું લશ્કરી ઓપરેશન હતું.

# દિલ્હી રમખાણોમાં પોલીસ ગુનો સાબિત કરી શકી નહીં, ૭ દિવસમાં ૩૦ લોકો નિર્દોષ જાહેર

નવીદિલ્હી,તા.૨૩

ફેબ્રુઆરી ૨૦૨૦માં નાગરિકતા સુધારા કાયદા વિરુદ્ધ થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હીના ઉત્તર પૂર્વ વિસ્તારમાં થયેલી હિંસા અને રમખાણો સંબંધિત કેસોની સુનાવણી કરી રહેલી કરકરડૂમા સ્પેશિયલ કોર્ટે તાજેતરમાં પુરાવાના અભાવે ૪ અલગ અલગ એફઆઈઆરમાં ૩૦ લોકોને નિર્દોષ જાહેર કર્યા છે. આ એફઆઈઆરમાં ત્રણ લોકોની હત્યા અને મેડિકલ શોપમાં લૂંટ અને આગચંપીનો સમાવેશ થાય છે. કરકરડૂમા કોર્ટના એડિશનલ સેશન્સ જજ પુલસ્ત્ય પ્રમાચલાએ ૧૩ મે, ૧૪ મે, ૧૬ મે અને ૧૭ મેના રોજ અઠવાડિયામાં ચાર વખત નિર્દોષ જાહેર કરવાના આદેશો આપ્યા હતા. આમાં, ગોકલપુરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર ૩૭/૨૦૨૦, ૩૬/૨૦૨૦ અને ૧૧૪/૨૦૨૦ તેમજ કરાવલ નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર ૬૪/૨૦૨૦ માં આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

# દિલ્હી એનસીઆરમાં કોવિડના ૩ નવા કેસ મળી આવ્યા, દર્દીઓને આઈસોલેટ કરવામાં આવ્યા

નવીદિલ્હી,તા.૨૩



દેશમાં ફરી એકવાર કોવિડનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. દરમિયાન, હરિયાણાના ગુરુગ્રામ અને ફરીદાબાદમાં કોવિડના ઓછામાં ઓછા ત્રણ કેસ નોંધાયા છે. એક અધિકારીએ આ વાતની પુષ્ટિ કરી. ગુરુગ્રામમાં કોરોના વાયરસના બે અને ફરીદાબાદમાં એક કેસ નોંધાયા છે. તમને જણાવી દઈએ કે ગુરુગ્રામમાં, તાજેતરમાં મુંબઈથી પરત આવેલી ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત, એક ૬૨ વર્ષીય વૃદ્ધ વ્યક્તિ પણ ચેપગ્રસ્ત મળી આવ્યા છે, જેનો કોઈ મુસાફરી રેકોર્ડ નથી. બંને દર્દીઓને હાલ માટે અલગ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, ફરીદાબાદમાં એક ૨૮ વર્ષીય વ્યક્તિ કોવિડ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. તમને જણાવી દઈએ કે લાંબા સમય સુધી ખાંસી, શરદી અને તાવથી પીડાતા વ્યક્તિ જ્યારે સફદરજંગ હોસ્પિટલમાં સારવાર માટે ગયો ત્યારે ત્યાંના ટેસ્ટમાં કોરોના ચેપની પુષ્ટિ થઈ. ગુરુગ્રામ આરોગ્ય વિભાગના ડૉ. જે.પી. રાજલીવાલે જણાવ્યું હતું કે, બંને દર્દીઓને ગુરુગ્રામમાં હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

# હરિયાણા અને પંજાબ વચ્ચેના પાણી વિવાદ પર કેન્દ્રની કાર્યવાહી, સીઆઈએસએફ ભાખરા ડેમને સુરક્ષા પૂરી પાડશે

નવીદિલ્હી,તા.૨૩

ભાખરા બાયસ મેનેજમેન્ટ બોર્ડના પાણી અંગે હરિયાણા-પંજાબ વિવાદ અંગે કેન્દ્ર સરકારે મોટી કાર્યવાહી કરી છે. પંજાબ સરકારે પંજાબના નાંગલમાં ભાખરા ડેમ પર પંજાબ પોલીસ દળ તૈનાત કર્યા બાદ, કેન્દ્ર સરકારે કડક પગલાં લીધાં છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ભાખરા ડેમની સુરક્ષા અંગે નવા આદેશો જારી કર્યા છે. આ આદેશ મુજબ, હવે ભાખરા ડેમની સુરક્ષાની જવાબદારી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સની છે. કેન્દ્ર સરકારે ૨૯૬ સીઆઈએસએફ પદોને મંજૂરી આપી હતી. કેન્દ્રએ સુરક્ષા માટે ૮ કરોડ ૫૯ લાખ રૂપિયાની રકમ ફાળવી હતી. ભાખરા ડેમ ખાતે સીઆઈએસએફ સુરક્ષા દળો માટે રહેઠાણ, સંદેશાવ્યવહાર અને પરિવહન અને અન્ય જરૂરી સુવિધાઓ, વ્યવસ્થા કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

# સટ્ટાબાજી એપ્લિકેશન પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી અરજી પર કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટની નોટિસ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૩



ઓનલાઈન અને ઓફલાઈન સટ્ટાબાજી એપ્સ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આવી સટ્ટાબાજી જુગાર સમાન છે. આ સમય દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પણ પાઠવી હતી. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કે. સિંહની બેન્ચે કેન્દ્રને નોટિસ ફટકારી છે. અરજદાર ડૉ. કે.એ. પોલે કહ્યું કે હું અહીં લાખો માતા-પિતા વતી છું જેમના બાળકો મૃત્યુ પામ્યા છે. તેલંગાણામાં ૧૦૨૩ લોકોએ આત્મહત્યા કરી. ૨૫ બોલીવુડ અને ટોલીવુડના કલાકારો અને પ્રભાવશાળી લોકો નિર્દોષ લોકોના જીવન સાથે રમી રહ્યા છે. આ કેસમાં ઘણી એફઆઈઆર નોંધાઈ છે. સટ્ટાબાજીની એપ્સ આપણા યુવાનો પર ખૂબ જ ખરાબ અસર કરી રહી છે. સિગારેટ પર તેની હાનિકારક અસરો વિશે ચેતવણી લખેલી હોય છે, પરંતુ સટ્ટાબાજીના કિસ્સામાં નહીં. મૂળભૂત રીતે અમે તમારી સાથે છીએ, તેને રોકવું જ જોઈએ. પણ કદાચ તમને એવી ગેરસમજ છે કે કાયદા દ્વારા તેને રોકી શકાય છે. અરજીની સોફ્ટ કોપી ભારતના એટર્ની જનરલ અને સોલિસિટર જનરલને આપવી જોઈએ. જો અમને પછીથી જરૂર લાગશે, તો બધા રાજ્યોને નોટિસ જારી કરવામાં આવશે.

# પાકિસ્તાની અને બાંગ્લાદેશીઓ નેપાળ થઈને ભારતમાં પ્રવેશવાની તૈયારીમાં, સરહદ પર હાઈ એલર્ટ જાહેર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૩




કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ નિર્દોષ લોકોની હત્યા કર્યા પછી, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓના ઘણા ઠેકાણાઓનો નાશ કર્યો. આ પછી, પાકિસ્તાને હાર સ્વીકારી અને યુદ્ધવિરામની જાહેરાત કરી. આ પછી પણ પાકિસ્તાન પોતાની હરકતોથી બાકાત નથી. સરહદ પર તૈનાત બોર્ડર સિક્યુરિટી ફોર્સને મળેલા ઈનપુટ મુજબ, લગભગ ત્રણ ડઝન શંકાસ્પદો નેપાળ પહોંચી ગયા છે અને તેઓ ઉત્તર પ્રદેશમાં ખુલ્લી બહરાઈચ-નેપાળ સરહદ દ્વારા ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે. એસએસબી અધિકારીઓના જણાવ્યા અનુસાર, લગભગ દસ બાંગ્લાદેશી અને લગભગ ૨૫ કે તેથી વધુ પાકિસ્તાની ભારતમાં પ્રવેશવાની યોજના બનાવી રહ્યા છે. તેથી, એસએસબી જવાનોએ સમગ્ર ખુલ્લા સરહદી વિસ્તારમાં સુરક્ષા વધારી દીધી છે તેમજ સરહદ પર ચેકિંગ પણ વધારી દીધું છે. સૈનિકો એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે કોઈ પાકિસ્તાની કે બાંગ્લાદેશી ભારતમાં પ્રવેશી ન શકે.

# સપ્તાહના અંતે શેરબજાર વધારા સાથે બંધ

મુંબઈ,તા.૨૩




શુક્રવારે ભારતીય શેરબજાર સારા વધારા સાથે બંધ થયું. સપ્તાહના છેલ્લા દિવસે, બીએસઈ સેન્સેક્સ ૭૬૯.૦૯ પોઈન્ટ (૦.૯૫%) ના વધારા સાથે ૮૧,૭૨૧.૦૮ પોઈન્ટ પર બંધ થયો. તેવી જ રીતે, આજે એનએસઈનો નિફ્ટી ૫૦ પણ ૨૪૩.૪૫ પોઈન્ટ (૦.૯૯%) ના વધારા સાથે ૨૪,૮૫૩.૧૫ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે ગુરુવારે, બીએસઈ સેન્સેક્સ ૬૪૪.૬૪ પોઈન્ટના ભારે ઘટાડા સાથે ૮૦,૯૫૧.૯૯ પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી ૨૦૩.૭૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૬૦૯.૭૦ પોઈન્ટ પર બંધ થયો હતો. શુક્રવારે, સેન્સેક્સની ૩૦ માંથી ૨૮ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા અને બાકીની ૨ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા.

# સિંધુનું પાણી રોકશો તો શ્વાસ છીનવી લઈશું, પાક.સેનાના પ્રવક્તાની ગીધડ ધમકી

ઈસ્લામાબાદ,તા.૨૩



પાકિસ્તાની સેનાના પ્રવક્તા અહેમદ શરીફ ચૌધરીએ ફરી એકવાર ભારતને ધમકી આપી છે. શરીફ ચૌધરીએ જણાવ્યું છે કે જો ભારત આપણું પાણી રોકશે તો આપણે તેમનો શ્વાસ રોકી દઈશું. શરીફે કાર્યક્રમને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. જેનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો વિશે હજુ સુધી માહિતી જાહેર કરવામાં આવી નથી, જોકે એવું માનવામાં આવે છે કે આ યુદ્ધવિરામ પછીનો વીડિયો છે. તમને જણાવી દઈએ કે પહેલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી કરી છે અને સિંધુ જળ સંધિ મુલતવી રાખી છે.

# દિલ્હી પોલીસની ઝુંબેશ : ગેરકાયદેસર રહેતા ૧૨૧ બાંગ્લાદેશીઓને પકડી લેવાયા

દિલ્હી,તા.૨૩




રાજધાની દિલ્હીમાં ગેરકાયદેસર ઘૂસણખોરો સામે પોલીસ ઝુંબેશ ચાલુ છે. દિલ્હી પોલીસે ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા ૧૨૧ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હોવાના અહેવાલ છે. જેમને દેશનિકાલ કરવામાં આવશે. દિલ્હીમાં પકડાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને દેશનિકાલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જે ફોરેન રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. માહિતી આપતાં અધિકારીઓએ જણાવ્યું હતું કે એક અઠવાડિયાની અંદર ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની અટકાયત કરવામાં આવી છે. તે બધાની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# સેના સાથે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે બાંગ્લાદેશના કાર્યકારી વડા મોહમ્મદ યુનુસ રાજીનામું આપે તેવી સંભાવના

(એચ.એસ.એલ),ઢાકા,તા.૨૩



ભારતનો પાડોશી દેશ બાંગ્લાદેશ લાંબા સમયથી રાજકીય ઉથલપાથલમાંથી પસાર થઈ રહ્યો છે. શેખ હસીના સરકારના બળવા પછી બાંગ્લાદેશ હજુ સુધી સ્થિર બન્યું નથી. હાલમાં બાંગ્લાદેશની કમાન વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસના હાથમાં છે. જોકે, આ પછી પણ દેશમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. આવી સ્થિતિમાં, સમાચાર આવી રહ્યા છે કે બાંગ્લાદેશના કાર્યકારી વડા મુહમ્મદ યુનુસ ટૂંક સમયમાં પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. બીબીસી બાંગ્લા રિપોર્ટ મુજબ, મુહમ્મદ યુનુસ માટે બાંગ્લાદેશમાં અસરકારક રીતે કામ કરવું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. રાજકીય પક્ષો વચ્ચે કોઈ સર્વસંમતિ નથી. રાજકીય ગતિરોધને કારણે વધી રહેલી હતાશાને કારણે યુનુસ રાજીનામું આપવાનું વિચારી રહ્યા હોવાનું કહેવાય છે. જોકે, તાજેતરના સમયમાં મુહમ્મદ યુનુસ અને બાંગ્લાદેશના આર્મી ચીફ વચ્ચે સંઘર્ષના અહેવાલો આવ્યા છે. આવી સ્થિતિમાં, યુનુસનું રાજીનામું એક મોટું પગલું હોઈ શકે છે. બાંગ્લાદેશ નેશનલ સિટીઝન પાર્ટીના નેતા નીદ ઈસ્લામે ખુલાસો કર્યો છે કે મુહમ્મદ યુનુસ રાજીનામું આપવાનું વિચારી રહ્યા છે. નિદ ઈસ્લામ મુહમ્મદ યુનુસને પણ મળ્યા અને કહ્યું, અમે તેમના રાજીનામા વિશે સાંભળી રહ્યા છીએ. તેથી હું આ મુદ્દા પર ચર્ચા કરવા માટે તેમને મળવા ગયો. તેમણે (મુહમ્મદ યુનુસે) મને કહ્યું કે તેઓ આ વિશે વિચારી રહ્યા છે. તેમને લાગે છે કે હાલની પરિસ્થિતિ એવી છે કે તેઓ કામ ચાલુ રાખી શકતા નથી.

# બ્રિટિશ સરકારનું નવુ પગલું : જાતીય અપરાધીઓને નપુંસક બનાવવામાં આવશે

(એચ.એસ.એલ),લંડન,તા.૨૩



બ્રિટિશ સરકારે સેક્સ અપરાધીઓ માટે એક નવું પગલું ભર્યું છે જેમાં તેમની જાતીય ઈચ્છાઓને દબાવવા માટે દવાઓનો ઉપયોગ કરવામાં આવશે. આને 'કેમિકલ કાસ્ટ્રેશન' કહેવામાં આવી રહ્યું છે, જેનો અર્થ એ છે કે આવા ગુનેગારોને રસાયણોના ઉપયોગથી 'નપુંસક' બનાવવામાં આવશે. આશ્ચર્યજનક વાત એ છે કે જેલોમાં જગ્યાની અછતની સમસ્યાનો સામનો કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે અને એવું માનવામાં આવે છે કે આનાથી ગુના દરમાં પણ ઘટાડો થશે. ન્યાય મંત્રી શબાના મહમૂદે ગુરુવારે સંસદમાં જણાવ્યું હતું કે આ યોજના ૨૦ જેલોના બે ઝોનમાં શરૂ કરવામાં આવશે અને તેને ફરજિયાત બનાવવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે.

શબાના મહમૂદે કહ્યું, 'આ પદ્ધતિની સાથે, માનસિક સારવાર પણ કરવામાં આવે તે મહત્વપૂર્ણ છે જે ગુનાના અન્ય કારણો જેમ કે સત્તા અને નિયંત્રણની ઈચ્છાને અસર કરે છે.' જોકે, તપાસમાં જાણવા મળ્યું છે કે આ સારવાર એવા ગુનેગારો માટે યોગ્ય નથી જેઓ સત્તા અને નિયંત્રણની ઈચ્છાથી ગુના કરે છે, જેમ કે બળાત્કારીઓ. પરંતુ અભ્યાસો દર્શાવે છે કે રાસાયણિક ખસીકરણ પુનરાવર્તન દરને ૬૦ ટકા સુધી ઘટાડી શકે છે. આ પદ્ધતિનો ઉપયોગ જર્મની અને ડેનમાર્કમાં સ્વૈચ્છિક ધોરણે અને પોલેન્ડમાં કેટલાક ગુનેગારો માટે ફરજિયાત ધોરણે કરવામાં આવી રહ્યો છે.

### અનેક જગ્યાએ વૃક્ષો, વીજપોલ ધરાશાયી, વાહનવ્યવહારને ભારે અસર

# અમરેલી જિલ્લામાં વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો



અમરેલી, તા.૨૩

ઉનાળાની ઋતુ હજી સુધી પુરી થઈ નથી પરંતુ વરસાદે એન્ટ્રી મારી લીધી છે. ઉનાળાની વિદાયને હજુ ૧૫ દિવસની વાર છે, પરંતુ હાલમાં સમગ્ર રાજ્યમાં વાતાવરણમાં પલટો આવતા હવે વરસાદી વાદળો આકાશમાં છવાઈ ગયા છે. ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી ૭ દિવસ ભારે વરસાદ થઈ શકે છે. ગુજરાતમાં ઠેર-ઠેર વરસાદ ખાબકી રહ્યો છે. હવામાન ખાતામાંથી મળતી માહિતી મુજબ રાજ્યમાં હજુ આગામી દિવસોમાં વરસાદ તોફાની બેટિંગ કરશે, આગામી સાત દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં સતત ત્રણ દિવસથી વરસાદ પડી રહ્યો છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ભારે પવન સાથે વરસાદ પડતા રસ્તાઓ પર પાણી વહી ગયા હતા. વરસાદને કારણે લોકોને બફારામાંથી રાહત મળી હતી જો કે બાગાયતી પાકને ભારે નુકસાન થયુ છે. ભારે પવનને કારણે અમરેલી-કુંકાવાવ, હામાપુર-ચલાલા, લાઠીના ચાવંડ દરવાજા પાસે વૃક્ષો ધરાશાયી થવાની ઘટના બની હતી. વૃક્ષો ધરાશાયી થતા વાહનવ્યવહારને ભારે અસર પહોંચી હતી. ભારે પવનને કારણે વીજ તંત્રને પણ ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો છે. જાણવા મળતી મુજબ ભારે પવનને કારણે બગસરા પંકથમાં ૧૨થી વધુ વીજપોલ ધરાશાયી થયા છે તો કુંકાવાવમાં પણ ૪ જેટલા વીજપોલ ધરાશાયી થતા વીજ પુરવઠાને ભારે અસર પહોંચી છે. નાના ભંડારિયા, વડેરા પાસે ૨૫થી વધુ વીજપોલ ધરાશાયી થયા છે. ત્રણ ઈંચ કરતા વધુ વરસાદ ખાબકતા ખેતરના પાણી રોડ પર ફરી વળ્યા હતા. મેડી, સરંભડા, બાબાપુરમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. શુક્રવારે રાતના ૮ વાગ્યા સુધીમાં અમરેલીમાં ત્રણ ઈંચ, લાઠીમાં એક ઈંચ વરસાદ ખાબક્યો હતો.

### કેરીના રસિકોનો સ્વાદ કડવો બન્યો

ચોમાસુ વિધિવત શરૂ થાય તે પહેલા જ અમરેલી જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે. વરસાદને કારણે કેરીનો પાક બગડી રહ્યો છે. આજે થોડી ઘણી બચેલી કેરી પણ ભારે પવનને કારણે ઝાડ પરથી ખરી ગઈ હતી. ભારે પવનને કારણે ઈજારેદારોને ભારે નુકસાન જતા રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે.

### અમરેલી શહેરના મોટાભાગના વિસ્તારમાં અંધારપટ્ટ

અમરેલી, બગસરા તાલુકામાં સાંજના સમયે ભારે પવન ફૂંકાયો હતો. ભારે પવનના કારણે વીજળી ગૂલ થઈ ગઈ હતી. વીજળી ગૂલ થતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અમરેલી શહેરમાં મોટાભાગના વિસ્તારમાં ૪ કલાકથી વધુ અંધારપટ્ટ છવાયો હતો. અમરેલી તાલુકાના ગામોમાં મોડી રાત સુધી વિજ પુરવઠો ચાલુ થયો ન હતો.

## અમદાવાદમાં એક જ દિવસમાં કોરોનાના ૨૦ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સક્રિય



અમદાવાદ,તા.૨૩

કોરોનાનો કહેર ફરી એકવાર શરૂ થયો છે. દિન-પ્રતિદિન કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં એક જ દિવસમાં કોરોનાના ૨૦ કેસ નોંધાયા છે. અત્યારે કોરોનાના કુલ ૩૧ એક્ટિવ કેસ છે. કોરોનાના દર્દીઓમાં સામાન્ય તાવ, કફ અને શરદીનાં લક્ષણો જોવા મળ્યાં છે. અમદાવાદ શહેરમાં કુલ ૨૯ જેટલા કેસો નોંધાયા છે જેમાં ૮ દર્દીઓને હાલ રજા આપી દેવામાં આવી છે. જ્યારે ૩૧ જેટલા એક્ટિવ કેસ નોંધાયા છે. સૌથી વધારે થલતેજ, બોડકદેવ, ઘાટલોડિયા, ગોતા, ચાંદલોડિયા સહિતના વિસ્તારોમાં ૧૦ કેસો નોંધાયા છે. ગઈકાલે અમદાવાદ શહેરમાં કોરોનાના ૫ નવા કેસ નોંધાયા હતા. શહેરના તમામ દર્દીઓ પૈકી એક ૮૪ વર્ષીય પુરુષ હોસ્પિટલમાં દાખલ છે. તો ૨૦ વર્ષીય યુવતીને કોરોના પોઝિટિવ થતાં સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. યુવતી શ્વાસની તકલીફ સાથે સારવાર માટે આવી હતી.

## વિજાપુરમાં મકાનની દિવાલ ધરાશાયી થતા ત્રણના મોત



વિજાપુર,તા.૨૩

વિજાપુરમાં મકાનની દીવાલ પડતા ૩ લોકોના મોત નિપજ્યા હોવાની ઘટના સામે આવી છે. સાથે જ દીવાલ પડતા ૪ થી ૫ શ્રમિકો દટાયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. મકાન રિનોવેશનની કામગીરી સમયે મોટી દુર્ઘટના બની હતી. મકાનની દીવાલ તૂટી પડતા અન્ય ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. વિજાપુરના સુંદરપુર ગામમાં મકાનની દીવાલ તૂટી પડવાના મોટા સમાચાર સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, જર્જરીત મકાનનું રિનોવેશનનું કામ ચાલુ હતું અને આ દરમિયાન દિવાલ તૂટવાની ઘટના બની હતી. મકાનની દિવાલ તૂટી પડતા ૪ થી ૫ મજૂરો કાટમાળમાં દટાયાની હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજા મજૂરોને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડયા છે.


સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ

ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪।। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪


■ સોનાના કલાત્મક આભૂષણ
■ રીયલ ડાયમંડ જ્વેલરી
■ રોઝ ગોલ્ડ તથા
■ વ્હાઈડ ગોલ્ડ જ્વેલરી
■ ૯૨.૫ સ્ટલિંગ સિલ્વરજ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨-૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

માતુશ્રી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
સમસ્ત પટેલ સમાજ કન્યા સંસ્કાર મંદિર
મહિલા નિવાસી સંકુલ
Mts.D.B.Patel Edu. Trust
સા વિદ્યા યા વિમુક્તયે
પ્રવેશ-માર્ગદર્શન માટે મળો. 2025-26
ગુણવત્તા યુક્ત શિક્ષણ માટે દરેક કલાસરૂમમાં મર્યાદિત સંખ્યા..
શ્રી એલ.એચ.રામાણી પ્રાયમરી સ્કૂલ- આટકોટ
(સ્વનિર્ભર ઈંગ્લીશ મીડિયમ શાળા)
Play House, L.K.G., H.K.G.,
Std. 1 to 5 Std. 6 to 8
કેરેલીયન સ્ટાફ દ્વારા શિક્ષણ
પ્રાથમિક વિભાગ
ધો. ૪ થી ૮ સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ
માધ્યમિક વિભાગ
ધો. ૯ થી ૧૦ ગ્રાન્ટેડ ગુજરાતી માધ્યમ
ઉચ્ચતર માધ્યમિક વિભાગ
ધો. ૧૧ થી ૧૨ ગ્રાન્ટેડ ગુજરાતી માધ્યમ સામાન્ય પ્રવાહ
B.A. સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
B.Com. સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
M.Com. સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
B.C.A. સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
B.Sc. સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
B.Ed. / M.Ed. સ્વનિર્ભર
પેરામેડીકલ વિભાગ
A.N.M.નર્સિંગ સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ
G.N.M. નર્સિંગ સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
B.Sc. નર્સિંગ સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
પોસ્ટ બેઝીક B.Sc. નર્સિંગ સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
M.Sc.નર્સિંગ સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ
શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
➢ આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
➢ આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
➢ આપની દિકરી દૂર કોલેજમાં કો—એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
➢ માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
➢ ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
➢ આપનું સંતાન હોસ્ટેલમાં ડ્રગ્ઝ, ઇ-સીગરેટ જેવા વ્યસનોથી દુર રહે તેવું ઇચ્છો છો ?
➢ દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
➢ આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
➢ આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ—૧, કલાસ—૨ મેળવે ?
➢ દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
➢ Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
➢ ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય.
એનો જવાબ છે કે ગુજરાતનું ''સમસ્ત પટેલ સમાજનું'' ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'
94269 61132 / 94274 91101 / 99745 93155
99791 47000 / 94295 73531 / 96872 03855